International Year of Cooperatives 2025
Cooperatives Build a Better World

# સહકાર થી સમૃદ્ધિ

IFFCO
પૂર્णतः सहकारी स्वामित्व
Wholly owned by Cooperatives



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય પ્રધાનમંત્રી

**શ્રી અમિત શાહ**
માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી

**શ્રી જે પી નડ્ડા**
આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી
અને રસાયણ અને ખાતર મંત્રી

**શ્રી ભૂપેન્દ્ર પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## ઇફકો ના માતૃ એકમ અને પ્રથમ યુરિયા કારખાનું સંકુલ કલોલની સુવર્ણ જયંતિ અને બીજ સંશોધન કેન્દ્ર, કલોલ, ગુજરાતનો શિલાન્યાસ સમારોહ

મુખ્ય મહેમાન

## શ્રી અમિત શાહ
માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી




પ્રતિષ્ઠિત મહેમાન

## શ્રી ભૂપેન્દ્ર પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત




**૬ એપ્રિલ, ૨૦૨૫ | કલોલ, ગુજરાત**

ગૌરવપૂર્ણ હાજરી

**શ્રી રાઘવજીભાઈ પટેલ**
માનનીય કૃષિ મંત્રી, ગુજરાત સરકાર

**શ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**
માનનીય સહકાર રાજ્યમંત્રી, ગુજરાત સરકાર

**શ્રી ઠાકોર લક્ષ્મણજી પુંજાજી (બકાજી)**
ધારાસભ્ય, કલોલ વિધાનસભા મતવિસ્તાર, ગાંધીનગર

**શ્રી દિલીપ સંઘાણી**
ચેરમેન, ઇફ્કો

**ડો. ઉદય શંકર અવસ્થી**
મેનેજિંગ ડિરેક્ટર, ઇફ્કો

**કલોલ એકમની સફળ કામગીરીના ૫૦ વર્ષ પછી, આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ - ૨૦૨૫ માં ઇફ્કો કલોલ યુરિયા કારખાનું દેશના સહકારી સંસ્થાઓને અને ખેડૂતોને ફરીથી સમર્પિત કરશે.**

અરજદાર : **સંદીપ ઘોષ** સિનિયર જનરલ મેનેજર, ઇફ્કો કલોલ એકમ

IFFCO
पूर्णतः सहकारी स्वामित्व
Wholly owned by Cooperatives

## ઇંડિયન ફાર્મર્સ ફર્ટીલાઇજર કો-ઓપરેટિવ લિમિટેડ,
ઇફ્કો સદન સી-૧, ડિસ્ટ્રિક્ટ સેન્ટર, સાકેત પ્લેસ, નવી દિલ્હી- ૧૧૦૦૧૭, ભારત wwww.iffco.in

# રાજ્યપાલ અને દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં ગુજકોમાસોલ અને પ્રાકૃતિક યુનિવર્સિટી વચ્ચે કરાર

અમરેલી, તા.૦૫

ખેડૂતો દ્વારા તૈયાર કરવામાં આવેલ ખેત ઉત્પાદનની ખરીદી-વેચાણ વ્યવસ્થાનું માધ્યમ બની પોષણયુકત વળતર ખેડૂતો સરળતાથી મેળવી શકે તે માટે ગાંધીનગર ખાતે રાજભવનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને દિલીપભાઈ સંઘાણીની ઉપસ્થિતિમાં ગુજકોમાસોલ અને રાજયની પ્રાકૃતિક યુનિવર્સિટી સાથે કરાર કરવામાં આવ્યા હતા.



આ તકે ગુજકોમાસોલના વાઈસ ચેરમેન બીપીનભાઈ પટેલ, પ્રાકૃતિક કૃષિ વિશ્વ વિદ્યાલયના કુલપતિ ડો. કે.સી. ટીંબડીયા, ગુજકોમાસોલના સીઈઓ દિનેશભાઈ સુથાર, પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, દિનપ્રતિદિન પ્રાકૃતિક ખેતી તરફ કૃષિકારો જઈ રહ્યા છે તેવા સમયે ગુજકોમાસોલ અને પ્રાકૃતિક યુનિવર્સિટી વચ્ચેનો કરાર પ્રાકૃતિક ખેત ઉત્પાદનને નવું બળ પૂરું પાડશે.

# ગીર પૂર્વમાં વન્યજીવો માટે પાણીની વિશેષ વ્યવસ્થા કરાઈ : ૨૪૭ કૃત્રિમ પાણીના પોઈન્ટ બનાવાયા

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લાના ધારી વન વિભાગે ઉનાળાની કાળઝાળ ગરમીમાં વન્યજીવોની સુરક્ષા માટે વિશેષ વ્યવસ્થા કરી છે. ગીર પૂર્વ વિસ્તારમાં ૨૪૭ કૃત્રિમ પાણીના પોઈન્ટ બનાવવામાં આવ્યા છે. આ પોઈન્ટ રકાબી આકારના છે જ્યાં સિંહ સહિતના વન્યજીવો પોતાની તરસ છીપાવી રહ્યા છે. ઈન્ચાર્જ મદદનીશ વન સંરક્ષક પી.એમ. ચાંદુના જણાવ્યા મુજબ, ઉનાળામાં મોટાભાગના કુદરતી જળસ્ત્રોતો સુકાઈ જાય છે. વન્યજીવોને કેલ્શિયમની ઉણપ ન થાય તે માટે પાણીના પોઈન્ટ પાસે મીઠાની ઈંટ પણ મૂકવામાં આવે છે. વન વિભાગના કર્મચારીઓ ટેન્કર, સોલાર લાઈટ, ડિઝલ એન્જિન અને ગઝલર જેવા સાધનોથી આ પોઈન્ટ ભરે છે. પતંગિયા અને કીટકો માટે શણના ભીના કોથળા રાખવામાં આવે છે. ગીર જંગલમાં ૪૧ પ્રકારના સસ્તન, ૪૭ સરિસૃપ અને ૩૦૦થી વધુ પક્ષીઓની પ્રજાતિઓ વસવાટ કરે છે. વન વિભાગ દ્વારા પાણીના પોઈન્ટની નિયમિત સફાઈ કરવામાં આવે છે.



# નિંગાળામાં ભાગવત કથા: ધારાસભ્ય જે.વી. કાકડીયાએ લીધો કથા શ્રવણનો લ્હાવો




ખાંભા, તા.૦૫

ખાંભા તાલુકાના નિંગાળા ગામે સાવલિયા પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત કથામાં ધારી બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયાએ હાજરી આપીને કથા શ્રવણનો લ્હાવો લીધો હતો. આ પ્રસંગે ધારાસભ્ય જે.વી. કાકડીયાએ વ્યાસપીઠના આશીર્વાદ પ્રાપ્ત કરીને ધન્યતા અનુભવી હતી. સાવલિયા પરિવારે ધારાસભ્ય જે.વી. કાકડીયાનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું.

# વ્યાજખોરે પચાવી પાડેલી ૧૮ વિઘા જમીન અમરેલી એસપીએ ખેડૂતને પરત અપાવી

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લામાં વ્યાજખોરી સામે પોલીસે મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. ધારીના ઝર ગામના ખેડૂત જયસુખભાઈ સોલંકીને તેમની ૧૮ વિઘા જમીન પરત અપાવવામાં સફળતા મળી છે. વર્ષ ૨૦૨૦માં જયસુખભાઈએ ખેતીના કામ માટે ડૉ. મેથીલ ફળદુ પાસેથી ૩ ટકા વ્યાજે ૫૦ લાખ રૂપિયા લીધા હતા. આરોપી ડૉક્ટરે પૈસાની તાત્કાલિક ઉઘરાણી શરૂ કરી હતી. પૈસા ન મળતા બળજબરીથી જયસુખભાઈ અને તેમના ભાઈની કુલ ૧૮ વિઘા જમીન પોતાના નામે કરાવી લીધી હતી. પરિવારે મજબૂરીમાં ગામ છોડી ફળ અને શાકભાજીનો વ્યવસાય શરૂ કર્યો હતો. થોડા સમય પહેલા જયસુખભાઈએ અમરેલી એસપી સંજય ખરાતને રજૂઆત કરી હતી. એસપીએ તાત્કાલિક અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં ગુજરાત નાણા ધીર ધારા હેઠળ ગુનો નોંધાવ્યો હતો. પોલીસની મધ્યસ્થીથી આરોપીના પિતાએ જમીન પરત કરવા સંમતિ આપી હતી.



# લીલીયા મોટા ગામે બે તળાવોને ઉંડા કરવા ગ્રામજનોની માગણી

લીલીયા મોટા, તા.૦૫


તસવીર : મહેશ દવે

લીલીયા મોટા ગામે વરસાદી પાણીના સંગ્રહ માટે શ્યામ સરોવર અને ગાયત્રી સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ સરોવર અત્યારે કાંપ અને માટીથી ભરાઈ ગયા હોવાથી વરસાદી પાણી તેમાંથી વહી જાય છે, અને પાણીનો સંગ્રહ થઈ શકતો નથી. આથી ગ્રામજનોની માગણી છે કે, તાત્કાલિક અસરથી આ બંને તળાવોમાંથી માટી કાઢીને તેને ઊંડા કરવાની કામગીરી શરૂ કરવામાં આવે, જેથી પાણીનો સંગ્રહ પુષ્કળ પ્રમાણમાં થઈ શકે.

# વડીયામાં પોલીસે પકડેલા દારૂનો ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં નાશ કરાયો

વડિયા, તા.૦૫

સમગ્ર રાજ્યમાં દારૂબંધીને કારણે પરમીટ વગર દારૂ પીવો અને વેચવો ગુનાહિત હોવાથી સમગ્ર રાજ્યમાં દારૂના જથ્થાને પકડી અંતે તેનો નાશ કરવામાં આવે છે. જિલ્લાના છેવાડાના તાલુકા વડીયામાં પોલીસ દ્વારા પોતાના વિસ્તારમાં પકડાયેલ ઈંગ્લિશ દારૂની બોટલોના જથ્થાને અમરનગર રોડ પરની અવાવરું બિનઉપયોગી જમીનમાં ગોઠવીને નાયબ કલેક્ટર, ડીવાયએસપી, મામલતદાર, પીએસઆઈની હાજરીમાં જેસીબી મશીનથી નાશ કરવામાં આવ્યો હતો.



# સાવરકુંડલામાં વેપારીનો ફોન પડી જતાં અજાણ્યો યુવક ઉઠાંતરી કરીને ફરાર

સાવરકુંડલા, તા.૦૫

**સાવરકુંડલા ટાઉન પોલીસમાં નોંધાઈ ફરીયાદ**

સાવરકુંડલામાંથી એક વેપારીનો મોબાઈલ ફોન ખિસ્સામાંથી પડી જતાં અજાણ્યો યુવક તેની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. રીઝવાન રજાકભાઈ લલગ (ઉ.વ.૨૪) એ જાહેર કર્યા મુજબ, તે બાઢડા ગામથી ઘરે જતો હતો ત્યારે સાવરકુંડલા મહુવા રોડ પર કિરણ ટેલીવિઝન પાસે પહોંચતા ફોન મળ્યો નહોતો. મોબાઈલની કિંમત રૂ. ૧૦,૫૦૦ જાહેર થઈ હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અમાનભાઈ યાસીનભાઈ કાજી વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા માર્કેટ યાર્ડમાં ઘઉંની મબલખ આવક, ખરીદી માટે લોકોની ભીડ

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલા માર્કેટ યાર્ડમાં છેલ્લા બે દિવસથી ઘઉંની મબલખ આવક થઈ રહી છે. લોકવન ઘઉં ૫૦૦ થી ૫૭૫ રૂપિયા અને ટુકડા ઘઉં ૫૫૦ થી ૬૫૦ રૂપિયાના ભાવે વેચાઈ રહ્યા છે. માર્ચ એન્ડિંગની રજાઓ પછી નોકરિયાત અને મધ્યમ વર્ગના લોકો ઘઉં ખરીદવા માટે માર્કેટ યાર્ડમાં ઉમટી પડ્યા છે. કમોસમી વરસાદની આગાહી અને ૩૧ માર્ચની રજાઓના કારણે માર્કેટ યાર્ડમાં ઘઉં અને ચણાની આવકમાં વધારો થયો છે. તા.૦૫ના રોજ માર્કેટ યાર્ડમાં ૧૪,૦૦૦ મણ ચણા અને ૪,૬૦૦ મણ ઘઉંની આવક થઈ હતી. લોકો ખરીદી માટે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.



# સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા દ્વારા ફ્રી નેત્ર નિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૦૫

શિક્ષણ, સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામસમા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા દ્વારા મોતિયાના દર્દથી પીડાતા દર્દીઓને ધ્યાનમાં રાખી તા.૪-૪-૨૫ ને શુક્રવારના રોજ શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની પાવન સ્મૃતિમાં ૩૩૪મા નેત્ર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિરનગર હોસ્પિટલના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો દ્વારા ૯૦ જેટલા મોતિયાના દર્દીઓની તપાસ કરવામાં આવી, જેમાંથી કુલ ૨૦ જેટલા દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર હોય એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ઓપરેશન તેમજ સારવાર આપવામાં આવી હતી અને જે દર્દીઓને ચશ્મા અને દવાઓની જરૂર હતી એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ચશ્મા તેમજ દવાઓ પૂરી પાડવામાં આવી હતી.




# રાજુલામાં રામનવમીની ભવ્ય ઉજવણીની તડામાર તૈયારી

રાજુલા, તા.૦૫



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરમાં ભગવાન શ્રી રામલલ્લાને વધાવવા માટે અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. રામનવમીના દિવસે રાજુલા શહેર સંપૂર્ણપણે સ્વૈચ્છિક બંધ રહેશે. આ દિવસે શહેરમાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા કરવામાં આવેલ છે. રાજુલા શહેરની વિવિધ સંસ્થાઓના આગેવાનો, કાર્યકરો સહિતના અનેક લોકો આ કાર્યમાં તૈયારી કરી રહ્યા છે. આ શોભાયાત્રા જુના સ્વામિનારાયણ મંદિરથી શરૂ થઈ અને જલારામ મંદિર જાફરાબાદ રોડ ખાતે પૂર્ણ થશે ત્યારે શહેરના તમામ માર્ગ પર ઠંડા પાણી, લચ્છી, છાશ, દૂધ કોલ્ડ્રીંક્સ, આઈસ્ક્રીમ, બદામ શેક, સોડા સહિતની વિવિધ સુવિધા આ માર્ગ ઉપર કરવામાં આવશે. આ શોભાયાત્રામાં મુખ્ય પોલીસ ચોકી નજીક સેલ્ફી પોઈન્ટ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. આ શોભાયાત્રામાં વિવિધ ફ્લોટ, સેલ્ફી પોઈન્ટ તેમજ ઢીંગલીઓની વેશભૂષા રામ લક્ષ્મણ જાનકી તેમજ યોગીજી સહિતના વિવિધ ફ્લોટ બનાવવામાં આવેલ છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
માઈલેજ લીડર ★★★★★
પ્રિમયમ કોપર ગોલ્ડ ગાર્નીસ ★★★★★
મજબૂત એલોય વ્હીલ્સ ★★★★★
લાંબી આરામદાયક સીટ ★★★★★
મોટું ફ્લોરબોર્ડ ★★★★★
અત્યાધુનિક ઓટો કેન્સલ ઇન્ડિકેટર ★★★★★
હીરો નું સ્કૂટર એટલે સ્કૂટર નો હીરો
પ્રસ્તુત છે નવું DESTINI 125
રહો બે કદમ આગળ
અભિનેતા HERO DESTINI 125 | નિર્માતા HERO MOTOCORP
વિશેષતાઓ તેની શ્રેણીમાં શ્રેષ્ઠ માઈલેજ | મોટા અને 100/80-12 પહોળા એલોય વ્હીલ્સ | લાંબી પ્લશ સીટ 785mm | LED પ્રોજેક્ટર હેડલાઈટ DRL સાથે
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-181 | AD-2025, Chaitra Sud-09 | Sunday, Dt.06-04-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને લાઠી રોડ ડેવલપમેન્ટ કમિટી દ્વારા ધર્મપ્રેમી જનતાને આમંત્રણ પાઠવાયું

# આજે આં.રા. હિન્દુ પરિષદ દ્વારા લાઠી રોડ પરની ૨૭ સોસાયટીઓમાં હનુમાન ચાલીસાના પાઠનું આયોજન

અમરેલી, તા.૦૫

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા રામનવમીના પવિત્ર દિવસે અમરેલી શહેરમાં વિશિષ્ટ પ્રકારના આયોજનો કરવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે લાઠી રોડ ડેવલપમેન્ટ કમિટી અને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સંયુક્ત ઉપક્રમે લાઠી રોડ પર આવેલી ૨૭ સોસાયટીઓમાં શહેરનાં પ્રતિષ્ઠીત આગેવાનોની હાજરીમાં રાત્રિના ૯ કલાકે હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. ભગવાન શ્રીરામની મૂર્તિ સમક્ષ તમામ સોસાયટીના રહીશો મહાઆરતી કરી અને હનુમાન ચાલીસાના પાઠ કરશે. જેમાં પધારવા માટે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને આમંત્રણ પાઠવાયું છે. તેમ મજબૂતભાઈ બસીયાની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# લીલીયાના ગુંદરણ-હરિપર રોડ ઉપરના નવા બ્રિજનું મહેશ કસવાલાના હસ્તે ખાતમુહૂર્ત

સાવરકુંડલા, તા.૦૫



સાવરકુંડલા-લીલીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવાના ઉદેશ્ય સાથે તા.૦૫ ના રોજ રૂ. ૨૫૦ લાખના ખર્ચે ગુંદરણ-હરિપર રોડ ઉપરના નવા બ્રિજનું ખાતમુહૂર્ત ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ કર્યુ હતું. આ બ્રિજથી ગામોના લોકોને અવરજવરમાં મોટી રાહત મળશે. ચોમાસા દરમિયાન નદીમાં પાણી ભરાઈ જવાને કારણે લોકોને પડતી મુશ્કેલીઓનો અંત આવશે. આ ઉપરાંત, ખેડૂતોને પણ પોતાના ખેતરોમાં જવા-આવવા માટે સરળતા રહેશે. આ પ્રસંગે ધારાસભ્ય કસવાલાએ જણાવ્યું હતું કે આ બ્રિજથી સ્થાનિકોના પરિવહનને સરળ બનાવવા સાથે વિસ્તારની પ્રગતિનો સેતુ બનશે. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા ભાજપ પ્રમુખ જિજ્ઞેશભાઈ સાવજ, જિલ્લા પંચાયત સભ્ય વિપુલભાઈ દુધાત, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ કાનજીભાઈ નાકરાણી, તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ ભનુભાઈ ડાભી, મહામંત્રી ગૌતમભાઈ વીંછિયા, લીલીયાના સરપંચ જીવનભાઈ વોરા, ગુંદરણના સરપંચ પ્રતિનિધિ નિર્મલભાઈ ખુમાણ, પરેશભાઈ પાડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ આ વિકાસ કાર્ય બદલ ધારાસભ્ય કસવાલાનો આભાર માન્યો હતો.

# અમરેલીમાં લાયન્સ ક્લબનો સેવા યજ્ઞ: ૯૨ દર્દીઓની આંખોની તપાસ, ૧૬ને વિનામૂલ્યે નેત્રમણી બેસાડાઈ

અમરેલી, તા.૦૫



અમરેલીની લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી) દ્વારા ઉમિયા માતાજી મંદિર લીલીયા મોટા ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રમાબેન અનિલભાઈ પારેખ, મુંબઈના આર્થિક સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં ૯૨ દર્દીઓએ લાભ લીધો હતો. કેમ્પનું ઉદ્‌ઘાટન ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત અને અન્ય મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. રવિ પરમાર અને તેમની ટીમે દર્દીઓની તપાસ કરી હતી અને જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય, અમરેલીમાં વિનામૂલ્યે મોતિયાના ઓપરેશન અને નેત્રમણી બેસાડવાની સુવિધા પૂરી પાડી હતી. આ કેમ્પમાં ૧૬ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવ્યું હતું અને ૨૨ લોકોને રાહત દરે ચશ્મા બનાવી આપવામાં આવ્યા હતા.

## અવસાન નોંધ

**ભંડારીયા**

પ્રદ્યુમનસિંહ (પદુભા) છનુભા ગોહિલ (ઉ.વ.૭૫) તે સ્વ.અનિરૂદ્ધસિંહ (ધોયુભા) છનુભાના નાનાભાઈ, મહાવિરસિંહ, અરવિંદસિંહ છનુભાના મોટાભાઈ, વિરમદેવસિંહ, કુલદિપસિંહ (કે.પી.)ના પિતાશ્રી, વનરાજસિંહ જીતુભા, સ્વ. ભુરૂભા બહાદુરસિંહના નાનાભાઈ, સુખદેવસિંહ, રણજીતસિંહ બહાદુરસિંહના મોટાભાઈ, કનકસિંહ હેમુભા, વિરભદ્રસિંહ (નોધુભા), હરિશ્ચંદ્રસિંહ, વિજયસિંહ, યોગેન્દ્રસિંહ, મહેન્દ્રસિંહ, ધર્મેન્દ્રસિંહ, ભૂપેન્દ્રસિંહ, મયુરસિંહના કાકા, શક્તિસિંહ, જયપાલસિંહ, હાર્દિકસિંહ, જયવિરસિંહ મનહરસિંહ, ધ્રુવરાજસિંહના દાદા થાય. તેમનું બેસણું તા.૭/૪ને સોમવારે. ૧૦/૪ને ગુરૂવારે, ૧૧/૪ને શુક્રવારે મોટી ડેલી ખાતે ત્રણ દિવસ રાખેલ છે. ઉત્તરક્રિયા તા.૧૫/૪ને મંગળવારે તેમના નિવાસસ્થાને રાખેલ છે.

**વડલી**

વડલી નિવાસી ભાણાભાઈ સીદીભાઈ ગોહિલ (ઉં.૭૭) તે દુલાભાઈ દાનાભાઈ ગોહિલના મોટાભાઈ, અજયભાઈ (લાઈટહાઉસ), જગદીશભાઈ (કોસ્ટ ગાર્ડ), અનસુર્યાબેનના પિતાશ્રી, મગનભાઈ, વિઠ્ઠલભાઈ, પ્રકાશભાઈ, અશ્વિનભાઈના કાકા થાય, તેમની ઉત્તરક્રિયા તા.૧૧/૦૪ને શુક્રવારે વડલી રાખેલ છે.

**રાજકોટ**

ચલાલા નીવાસી હાલ રાજકોટ રહેતા ચલાલા લોહાણા મહાજનના વરિષ્ઠ પૂર્વ પ્રમુખ સ્વ. શ્રી નંદલાલભાઈ ત્રીકમજીભાઇ વિઠલાણીના ધર્મપત્ની જયાબહેન નંદલાલભાઈ વીઠલાણી (ઉ.વર્ષ ૮૬ ) તે ચેતનભાઇ વીઠલાણીના માતુશ્રીનું દુ:ખદ અવસાન તા.૫/૪/૨૦૨૫ શનિવારે રાજકોટ થયેલ છે. સદગતનું ઉઠમણુ અને પિયર પક્ષની સાદડી તા. ૭/૪/૨૦૨૫, સોમવારે સાંજના ૫-થી-૬ કલાક સુધી શ્રી અમૃતેશ્વર મહાદેવ મંદિર, અમ્રુતા સોસાયટી, શેરી નં. ૨ ગુજરાત ગેસ ઓફિસ પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ રાજકોટ રાખેલ છે.

**ભલમાલ**

ભલગામ મોટા ગામના નિવાસી સ્વ.મહેશભાઈ ગીરજાશંકર જોષી તે જયેશભાઈ, ભાવેશભાઈના ભાઈ તથા ભવદીપભાઈના પિતાશ્રી (ઉ.વ.૬૪) તા.૦૫/૦૪/૨૦૨૫ને શનિવારના રોજ અવસાન પામ્યા છે. તેમનું સદગતનું બેસણું તા.૦૭/૦૫/૨૦૨૫ ને સોમવારના રોજ સવારે ૮ થી સાંજના ૫ અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

# લીલીયાના હાથીગઢ ગામે રેલવે ફાટક બંધ ન કરવા મામલતદારને આવેદન પત્ર અપાયું


લીલીયા, તા.૦૫




લીલીયા તાલુકાના હાથીગઢ ગામે ફાટક નંબર ૩૪ બંધ ન કરવા બાબતે સરપંચ પાયલબેન ધોરાજીયાએ મામલતદારને આવેદન પત્ર પાઠવ્યું હતું. તેમણે રજૂઆત કરી હતી કે, આ ફાટકની સામે ગામની ૫૦૦ વીઘા જેટલી ખેતીની જમીન આવેલી છે. જેથી બહોળી સંખ્યામાં ખેડૂતો અને માલઢોરની અવરજવર રહે છે. પરંતુ હાલમાં રેલવે તંત્ર તરફથી આ ફાટક કાયમી ધોરણે બંધ કરવાની હિલચાલ થઈ રહી છે. જો આ ફાટક કાયમી બંધ કરાશે તો ૧૦૦થી વધુ ખેડૂતોની અવરજવર બંધ થશે, તેથી આ ફાટક બંધ ન થાય અને કાયમી ધોરણે તેનું નિરાકરણ આવે તે જરૂરી છે.

# ચલાલામાં રામનવમીના દિવસે ભજન-કીર્તન અને સમૂહ ફરાળ પ્રસાદનું ભવ્ય આયોજન

ચલાલા, તા.૦૫



ચલાલામાં રામનવમીના પવિત્ર દિવસે લોહાણા મહાજન વાડીમાં ભજન-કીર્તન અને સમૂહ ફરાળ પ્રસાદનો કાર્યક્રમ યોજાશે. મૂળ ધારી તાલુકાના લાખાપાદરના વતની અને ઘણા વર્ષોથી લેસ્ટર-યુ.કે.માં સોનલ ભજીયાવાળા સેવાભાવી, રઘુવંશી મહિલા અગ્રણી રંજનબેન સોનપાલ દ્વારા રવિવારે સવારના ૯.૩૦ કલાકથી સ્વ. અનંતરાય હરીલાલ સોનપાલના મોક્ષાર્થે અલૌકિક ધૂન, ભજન સહિત સમૂહ ફરાળ ભોજન પ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ ભવ્ય કાર્યક્રમમાં સર્વ ધર્મપ્રેમીઓને ઉપસ્થિત રહેવા જાહેર નિંમત્રણ પાઠવવામાં આવેલ છે તેમ રઘુવંશી અગ્રણી પ્રકાશભાઈ કારીયાએ જણાવેલ છે.

## નામ બદલાવેલ છે

આથી સોગદપૂર્વક જણાવું છું કે મારુ જૂનું નામ ધોરાડા નિખિલભાઈ રમેશભાઈ હતું જે તેમાંથી બદલાવી નવું નામ ધોરડા નિખિલ રમેશભાઈ રાખેલ છે હવેથી ધોરડા નિખિલ રમેશભાઈ નામથી ઓળખાઈશ તેની સર્વે એ નોંધ લેવી.

ધોરડા નિખિલ રમેશભાઈ
મુ- પીઠવડી
તા. સાવરકુંડલા જી. અમરેલી ૩૬૪૫૧૫ (ગુજરાત)




## -:: જાહેર નોટીસ ::-

(જન્મનાં દાખલા માટે)

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ : લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજ નંબર.: ૨૫/૨૦૨૫

**અરજદાર તર્ફે વિ.વકીલ શ્રી નવનીતભાઈ એન.મકવાણા**

**વિવાદી:-** રાકેશભાઈ મગનભાઈ ભાસ્કર
ઉ.વ.આ. : ૩૭, ધર્મે. : **હિન્દુ,**
રહે. : C / O મકવાણા નવનીતભાઈ નારણભાઈ (એડવોકેટ એન્ડ નોટરી)
૯, સરદાર કોમ્પ્લેક્ષ, નગર પાલીકા સામે, **દામનગર**, તા.: **લાઠી**, જી.: **અમરેલી**
મો.નં.: ૯૪૨૯૪ ૭૮૧૬૭

-: વિરૂધ્ધ :-

**પ્રતિવિવાદી :-** શ્રી જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી-વ-**ચિફ ઓફિસર શ્રી દામનગર ન.પા.કચેરી**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં લાઠી તાલુકાનાં મોજે દામનગર, ગામનાં રહીશ આ કામનાં અરજદાર **રાકેશભાઈ મગનભાઈ ભાસ્કર** નો જન્મ **તારીખ:- ૧૫/૧૧/૧૯૮૭** નાં રોજ **દામનગર, તા.:લાઠી, જી.:અમરેલી** મુકામે થયેલ હોય જે તેમનાં જન્મની નોંધ કરાવવાનાં કામે અત્રેની કોર્ટમાં તા.:૨૮/૦૨/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામનાં સામાવાળાએ જન્મની નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં **મુદત તા.૧૭/૦૪/૨૦૨૫**નાં રોજ બપોરનાં ૩.૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

મુ.:લાઠી.
તારીખ:................

કોર્ટનો ચિક્કો

( )
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**




નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠકકર M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફેક્ચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી | O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

## દિનેશભાઈ ભુવા પ્રમુખ અને શૈલેષભાઈ ચૌહાણ ઉપપ્રમુખ તરીકે યથાવત, કારોબારી ટીમની પણ નિમણૂક

# અમરેલી મોટા બસ સ્ટેન્ડ વેપારી એસો.ના પ્રમુખ અને ઉપપ્રમુખની બીજી ટર્મ માટે બિનહરીફ વરણી

અમરેલી, તા.૦૫

અમરેલી મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસિએશનની કારોબારી બેઠક ૦૧ એપ્રિલ, ૨૦૨૫ના રોજ યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે પ્રમુખ અને ઉપપ્રમુખની બીજી ટર્મ માટે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. દિનેશભાઈ ભુવા પ્રમુખ તરીકે અને શૈલેષભાઈ હકુભાઈ ચૌહાણ ઉપપ્રમુખ તરીકે યથાવત રહેશે. આ ઉપરાંત, મહામંત્રી તરીકે વિજયભાઈ બુંધેલિયા, સહ મહામંત્રી તરીકે પંકજભાઈ અને જયદેવભાઈ કોઠિવાળ, ખજાનચી તરીકે મુકેશભાઈ કુંજડીયા, સહ ખજાનચી તરીકે અજયભાઈ ધાધલ અને કિશનભાઈ, સંગઠન મંત્રી તરીકે જયેન્દ્રભાઈ





શિંગાળા, ધર્મેશભાઈ ભંડેરી, ગોપાલભાઈ ટાંક, રિધેશભાઈ નાકરાણી, પ્રશાંતભાઈ નગદીયા અને ભરતભાઈ સાવલીયા, મીડિયા સેલ તરીકે આશિષભાઈ સોજીત્રા, શશાંકભાઈ મહાજન અને ગોપાલભાઈ ઝિંઝુવાડીયા, સંકલન સમિતિ તરીકે પ્રફુલભાઈ ચોવટીયા અને કમલેશભાઈ મહેતા તથા કારોબારી સભ્યો તરીકે સુરેશભાઈ ભલાણા, વિનુભાઈ ભાડ, હિરેનભાઈ ગાંગડીયા, પરાગભાઈ, દેવાભા વાળા, વિશાલભાઈ ભુવા, ભાવેશભાઈ નાકરાણી, સુરેશભાઈ આદ્રોજા, નિખિલભાઈ મશરૂ અને અનિલભાઈ બાંભરોલીયાની વરણી કરવામાં આવી હતી. દિનેશભાઈ ભુવા અને શૈલેષભાઈ ચૌહાણની બિનહરીફ વરણી થતાં તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. પ્રમુખે આગામી રવિવારે રામનવમી નિમિત્તે નીકળનારી શોભાયાત્રામાં એસોસિએશનના સભ્યોને મોટી સંખ્યામાં જોડાવા માટે આહ્વાન કર્યું છે.

## બગસરા ટાઉનમાં ફેમિલી કોર્ટ કેસમાં યુવકને છરી કાઢી મારવા દોડ્યો

બગસરા, તા. ૦૫

બગસરા ટાઉનમાં ફેમિલી કોર્ટ કેસમાં યુવકને છરી કાઢી મારવા દોડ્યાની ઘટના સામે આવી હતી. ધારીના હીમખીમડીપરામાં રહેતા આસીફશા બફાતીશા શેખ (ઉ.વ.૨૬)એ જૂનાગઢમાં રહેતા સાહીલ ઈકબાલશા શાહમદાર, સોહીલ ઈકબાલશા શાહમદાર, નવાજ સહિત પાંચ લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, સાહીલ ઈકબાલશા શામહદાર તેનો બનેવી થાય છે. તેના ઉપર બગસરા ફેમિલી કોર્ટમાં કેસ ચાલતો હોય તેનું મનદુઃખ રાખી આરોપીઓએ તેમને તથા તેના ભાઈ અફજલભાઈને બોલાવી સાહીલે છરી કાઢી તેના બનેવી અમનને મારવા દોડ્યો હતો. તેમણે આવું કરવાની ના પાડતા તમામ આરોપીઓએ તેમને તથા સાહેદને ગાળો આપી મુંઢમાર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.એચ.મીંગ વધુ તપાસ કરી રહ્યા છે.

## સા.કુંડલા ટાઉનમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલોની હેરફેર કરતા બે ઈસમોને અમરેલી એલ.સી.બી.એ ઝડપ્યા

અમરેલી, તા. ૦૫

સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન મળેલ બાતમી હકિકત આધારે બે ઈસમોને ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલોની ફોર વ્હીલ કારમાં હેરફેર કરતા પકડી પાડી, આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી, પકડાયેલ આરોપી તથા મળી આવેલ મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા સાવરકુંડલા



ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપી આપ્યા હતા. ભાવેશ ભીખુભાઈ ગોહિલ, ઉ.વ.૨૨ તથા મુનાફ હારૂનભાઈ ઉનડજામ પકડાયા હતા. જ્યારે સાવરકુંડલામાં રહેતો નજમુદ્દીન અબુભાઈ જાદવ પકડાવાનો બાકી છે. પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો નંગ ૪૨, એક કાર મળી કુલ કિં.રૂ.૧,૬૩,૮૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવરકુંડલા કાપેલધાર પાસેથી એક પુરુષના રહેણાંક મકાનેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૩૪ બોટલ મળી હતી. અમરેલી કુંકાવાવ જકાતનાકા સુળીયાટીંબા પાસેથી એક મહિલાના મકાનમાંથી ૧૦ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. અમરેલી અને ચાવંડમાંથી એક-એક ઈસમ કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

## સા.કુંડલામાં ભાડા કરાર વગર મકાન ભાડે આપતા લોકો સામે કાર્યવાહી

સાવરકુંડલા, તા. ૦૫

ગુજરાતમાં પોલીસ દ્વારા ભાડૂઆત નોંધણી અંગે ખાસ ડ્રાઈવ હાથ ધરાઈ છે. જે માલિકે તેમના ભાડૂઆતની નોંધણી ન કરાવી હોય તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. સાવરકુંડલામાં ભાડા કરાર વગર મકાન ભાડે આપતા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. બે ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવતાં ભાડા કરાર વગર મકાન ભાડે આપતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. રાજ્યમાં ગુજરાત પોલીસ હેઠળ ઓફલાઈન-ઓનલાઈન માધ્યમ થકી ભાડૂઆત નોંધણી કરાવી શકે છે. જેમાં ઓફલાઈન રજિસ્ટ્રેશન માટે વ્યક્તિએ કાયમી સરનામાનો પુરાવો, ઓળખનો પુરાવો, નાગરિકતાની માહિતી, ભાડા કરાર, વૈવાહિક સ્થિતિની માહિતી, સંપર્ક નંબર, પાસપોર્ટ સાઈઝનો ફોટો સહિતના ડોક્યુમેન્ટ લઈને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં રૂબરૂમાં જઈને ફોર્મ ભરવાનું રહેશે. જ્યારે ગુજરાત સિટીઝન ફર્સ્ટ એપ્લિકેશનના માધ્યમથી ઘરે બેઠાં ઓનલાઈન નોંધણી કરાવી શકાય છે.

## ધારીના નવાગામે પત્ની રીસામણે જતાં મનમાં લાગી આવતાં યુવકે ઝેરી દવા પીધી

**એક સગીરા, પરિણીતાએ પણ જીવન ટૂંકાવ્યું**

અમરેલી, તા. ૦૫

અમરેલીમાં અપમૃત્યુના ત્રણ બનાવ પોલીસ ચોપડે નોંધાયા હતા. ધારીના નવાગામે રહેતા મનસુખભાઈ પોપટભાઈ ચારોલીયા (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, તેના પુત્ર રૂતેશભાઈ મનસુખભાઈ ચારોલીયા (ઉ.વ.૨૫)ની પત્ની રીસામણે ગઈ હતી. જેથી મનમાં લાગી આવતાં તેણે ઝેરી દવા પીતાં મોત થયું હતું. ધારી પોલીસ સ્ટેશનના હેડ.કોન્સ/પી.એસ.ઓ. એમ.એચ. વાઘ વધુ તપાસ કરી રહ્યા છે. બાબરામાં રહેતા ભનુભાઈ નારણભાઈ ધુંધરવા (ઉ.વ.૬૩)એ જાહેર કર્યા મુજબ, તેમની ૧૭ વર્ષની પુત્રી ગળાફાંસો ખાઈ જતા મરણ પામી હતી. સાવરકુંડલામાં રહેતા નરેશભાઈ કરશનભાઈ કાંગસીયા (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની ઈલાબેન નરેશભાઈ કાંગસીયા (ઉ.વ.૩૦) અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા મરણ પામ્યા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના કિરણભાઈ બકુલભાઈ ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

## દામનગરમાં ખાતરની દુકાનમાં આગ લાગતાં રૂ. ૯૨,૪૮૦નું નુકસાન

દામનગર, તા. ૦૫

દામનગરમાં ખાતરની દુકાનમાં આગ લાગતા રૂપિયા ૯૨,૪૮૦નું નુકસાન થયું હતું. પ્રવિણભાઈ કાળુભાઈ નારોલા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, દામનગર ખાતે ઘનશ્યામ ડેરીની સામે આવેલ અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. ની ખાતરની દુકાનમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી. તેથી દુકાનમાં રાખેલા ઈફ્કોનેનો ડી.એ.પી. ૫૦૦ મિ.લિ.ની બોટલ નંગ-૯૬, કૃષિ વીર હ્યુમીક ૧ કિ.ગ્રા.ના પેકેટ નંગ-૮૦ તથા એમોફોસ-૧૨૩૨૦૬ ખાતરની બેગ નંગ-૦૮ મળી કુલ કિં.રૂ.૯૨,૪૮૦ની કિંમતનો મુદ્દામાલ આગમાં બળીને ખાખ થઈ ગયો હતો. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. આર. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

## અલગ-અલગ બ્રાન્ડના ફટાકડા કિં.રૂ.૪૭૫૦ના મુદ્દામાલ સાથે પોલીસે ઝડપ્યો

# સાવરકુંડલામાં લાયસન્સ રીન્યુ કર્યા વગર ફટાકડા વેચતા યુવકને એસઓજીએ ઝડપ્યો

**પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ**

સાવરકુંડલા, તા. ૦૫

બનાસકાંઠાના ડીસામાં ગેરકાયદે ચાલતી ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટથી ૨૧ લોકોના મૃત્યુ થયા હતા. જે બાદ સરકારે આ દિશામાં પગલા લેવાનું શરૂ કર્યું છે. સાવરકુંડલામાં લાયસન્સ રીન્યુ કર્યા વગર ફટાકડા વેચતા યુવકને એસઓજીએ ઝડપ્યો હતો. દિપુભાઈ મનુભાઈ ખુમાણ (ઉ.વ.૫૩)એ જાહેર રોડની બાજુમાં પોતાની માલિકીની દુકાન-ગોડાઉનમાં ઉપરના માળે ફટાકડા લાયસન્સ રીન્યુ કર્યા વગર અને ઉપરના માળે ફાયર સેફ્ટીના સાધનો રાખ્યા વગર અલગ-અલગ બ્રાન્ડના ફટાકડા કિં.રૂ.૪૭૫૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અમાનભાઈ યાસીનભાઈ કાજી વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૧૧ | ૧૫૦૫ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૭૨ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૯૦૨ |
| તુવેર | ૧૧૭૫ | ૧૫૨૦ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૧૪૧ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૩૨૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મગ | ૭૦૦ | ૧૭૪૦ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૩૦૨ |
| વટાણા | ૧૨૩૦ | ૨૨૫૦ |
| રાજમા | ૯૮૦ | ૨૧૭૦ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૦૯૫ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૩૦ |
| તલી | ૧૮૦૦ | ૨૧૦૦ |
| એરંડા | ૧૧૪૦ | ૧૧૭૮ |
| અજમો | ૧૪૦૧ | ૨૭૦૦ |
| સુવા | ૧૪૬૪ | ૨૦૫૦ |
| સોયાબીન | ૬૪૦ | ૭૯૫ |
| સીંગફાડા | ૧૦૭૦ | ૧૩૪૦ |
| કાળા તલ | ૪૧૦૦ | ૫૬૦૦ |
| લસણ | ૭૦૦ | ૧૨૫૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૭૨૧ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૨૦૦ |
| ધાણી | ૧૨૨૦ | ૨૨૫૦ |
| વરીયાળી | ૧૯૦૦ | ૩૨૬૫ |
| જીરૂ | ૩૭૫૧ | ૪૬૦૦ |
| રાય | ૧૦૩૦ | ૧૩૮૦ |
| મેથી | ૮૨૦ | ૧૨૨૦ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૪૧૦ |
| અશેરીયો | ૧૧૫૦ | ૧૨૮૦ |
| કલોંજી | ૩૧૫૦ | ૩૬૯૦ |
| રાયડો | ૧૦૧૦ | ૧૧૨૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૬૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૬૦૦ | ૩૬૦૦ |
| સાકરટેટી | ૩૦૦ | ૫૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૦૦ |
| બટેટા | ૧૭૦ | ૩૧૧ |
| ડુંગળી સુકી | ૮૧ | ૨૮૦ |
| ટમેટા | ૧૬૦ | ૨૬૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૬૦૦ |
| સકરીયા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૫૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૫૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૫૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૭૦૦ | ૨૦૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૮૦૦ |
| ટીંડોળા | ૯૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૨૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૯૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૫૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ગલકા | ૫૦૦ | ૮૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૦૦ |
| મેથી | ૨૦૦ | ૩૫૦ |
| વાલ | ૯૫૦ | ૧૨૨૦ |
| ડુંગળી લીલી | ૧૬૦ | ૨૫૦ |
| આદુ | ૭૦૦ | ૯૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| લસણ લીલુ | ૩૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૨૦૦ |
| ગુંદા | ૧૦૦૦ | ૧૨૦૦ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૮૬૩ | ૧૦૭૨ |
| ગિરનારી શીંગ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| શિંગ મોટી | ૮૯૦ | ૧૧૨૨ |
| શિંગ ફાડા | ૯૯૬ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૧૦૫ | ૨૨૪૦ |
| જુવાર | ૪૩૦ | ૯૬૬ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૬૭૧ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૨૧ |
| ચણા | ૯૫૦ | ૧૧૨૮ |
| સફેદ ચણા | ૧૦૭૦ | ૧૪૨૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કપાસ | ૮૫૦ | ૧૪૯૮ |
| એરંડા | ૧૦૭૦ | ૧૨૨૧ |
| જીરૂ | ૨૬૭૫ | ૪૪૪૪ |
| ધાણા | ૧૧૩૦ | ૧૫૫૦ |
| ધાણી | ૧૧૨૦ | ૨૧૩૦ |
| અજમા | ૯૫૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૬૨૧ | ૮૧૮ |
| મરચા લાંબા | ૩૦૦ | ૨૦૧૦ |
| દેશીમરચા | ૮૧૦ | ૩૩૫૦ |
| વરીયાળી | ૧૧૦૦૦ | ૨૨૮૦ |
| કાંગ | ૩૦૦ | ૫૭૦ |
| દેશીમરચા | ૮૧૦ | ૩૩૫૦ |
| મેથી | ૬૪૫ | ૧૦૧૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૨૨૦ | ૩૬૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૫૦ | ૧૦૦ |
| શક્કરીયા | ૨૫૦ | ૩૫૦ |
| ટામેટા | ૧૨૦ | ૧૫૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૨૦ | ૩૨૦ |
| દૂધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળા લીલાં | ૫૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| શક્કરટેટી | ૨૫૦ | ૩૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૧૦૦ | ૩૦૦ |
| સરગવો | ૨૦૦ | ૩૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૩૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૮૦ | ૩૦૦ |
| લસણ લીલુ | ૭૦૦ | ૯૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૧૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| પાલક | ૩૦૦ | ૫૦૦ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૦૦૧ | ૧૪૬૬ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૬૩૬ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૭૪૬ |
| મગફળી જીણી | ૭૭૧ | ૧૨૬૬ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૩૮૧ |
| એરંડા / એરંડી | ૧૧૧૧ | ૧૨૪૧ |
| તલ કાળા | ૪૧૫૧ | ૪૭૭૬ |
| જીરૂ | ૩૮૪૧ | ૫૦૪૧ |
| કલંજી | ૧૫૦૦ | ૩૬૩૧ |
| વરીયાળી | ૧૮૫૧ | ૨૫૭૧ |
| ધાણા | ૯૦૧ | ૧૯૨૬ |
| લસણ સુકું | ૪૫૧ | ૧૩૦૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૨૬૬ |
| મઠ | ૬૦૦ | ૬૭૧ |
| તુવેર | ૮૯૧ | ૧૪૯૧ |
| રાયડો | ૯૦૧ | ૧૦૩૧ |
| રાય | ૯૫૧ | ૧૦૪૧ |
| મેથી | ૫૦૦ | ૧૩૦૦ |
| કાંગ | ૫૫૧ | ૬૮૧ |
| સુરજમુખી | ૨૭૧ | ૧૦૯૧ |
| મરચા | ૩૫૧ | ૧૮૫૧ |
| મગફળી જાડી | ૭૪૧ | ૧૨૫૧ |
| સફેદ ચણા | ૧૧૨૬ | ૨૧૮૧ |
| તલ - તલી | ૧૦૦૦ | ૨૩૧૧ |
| ધાણી | ૧૦૦૧ | ૨૧૭૬ |
| ડુંગળી સફેદ | ૧૨૨ | ૧૬૮ |
| બાજરો | ૩૦૧ | ૫૭૧ |
| જુવાર | ૫૫૧ | ૮૩૧ |
| મકાઇ | ૪૬૧ | ૫૬૧ |
| મગ | ૧૬૦૧ | ૧૮૩૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૩૬ |
| વાલ | ૬૮૧ | ૧૨૨૧ |
| વાલ પાપડી | ૧૫૪૧ | ૧૫૪૧ |
| ચોળા / ચોળી | ૫૫૧ | ૧૮૧૧ |
| સોયાબીન | ૮૪૧ | ૭૫૫૧ |
| અજમાં | ૨૦૩૧ | ૨૦૩૧ |
| કળથી | ૭૨૧ | ૭૨૧ |
| વટાણા | ૧૨૯૧ | ૨૧૧૧ |

### ગોંડલ(શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૮૦ | ૨૦૦ |
| મરચા | ૪૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૫૦૦ |
| કોબી | ૬૦ | ૧૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૮૦ |
| ફ્લાવર | ૮૦ | ૨૪૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૩૦૦ | ૭૦૦ |
| ગાજર | ૧૦૦ | ૨૫૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૯૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૪૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૨૫૦ | ૩૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૫ |
| કોથમીર પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૩ | ૫ |
| ચુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ક્રીટ્રીક્રી | ૬૦૦ | ૧૧૦૦ |
| ગુંદા | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૪૦૦૦ |
| મેથી પુરા | ૩ | ૬ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૮ | ૧૨ |
| ચોરા | ૪૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૯૦૦ |
| વાલોર | ૪૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૦૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૧૮૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૨૦૦ |
| લસણ પુરા | ૧૫ | ૩૦ |
| પાલક પુરા | ૩ | ૫ |
| દાડમ | ૮૦૦ | ૨૦૦૦ |
| સફરજન | ૧૪૦૦ | ૩૬૦૦ |
| ચીકુ | ૩૦૦ | ૭૦૦ |
| પોપૈયા | ૨૨૦ | ૪૪૦ |
| કેળા | ૪૦૦ | ૬૦૦ |
| સંતરા | ૧૦૦૦ | ૧૮૮૦ |
| તરબૂચ | ૧૦૦ | ૩૦૦ |
| કમલમ | ૩૦૦૦ | ૪૦૦૦ |
| હાફુસ કેરી | ૩૦૦૦ | ૬૦૦૦ |
| મોસંબી | ૪૦૦ | ૭૦૦ |
| ટેટી | ૧૦૦ | ૫૦૦ |
| દ્રાક્ષ | ૫૦૦ | ૧૮૦૦ |
| કેસર કેરી | ૧૪૦૦ | ૩૦૦૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૦૯ | ૧૫૨૧ |
| કપાસ મીડીયમ | ૧૧૪૦ | ૧૩૮૦ |
| મગફળીજીર૨૦ | ૯૭૨ | ૧૦૩૮ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૪૦ |
| જીરૂ | ૩૭૩૦ | ૪૪૯૦ |
| ઘઉં | ૪૬૦ | ૫૭૦ |
| તુવેર | ૧૨૨૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૫૯૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૬૨ | ૪૫૮ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૪૫૦ |
| ચણા | ૬૦૦ | ૧૧૦૧ |
| સોયાબીન | ૭૬૦ | ૮૦૧ |
| ધાણા | ૯૦૦ | ૧૩૫૦ |
| તુવેર | ૭૦૦ | ૧૩૬૫ |
| મગફળી | ૬૩૦ | ૮૬૨ |
| રાય | ૯૦૦ | ૧૧૨૦ |
| મેથી | ૭૬૦ | ૯૦૦ |
| એરંડી | ૮૦૫ | ૮૦૫ |
| તલ સફેદ | ૧૦૪૦ | ૧૯૧૫ |
| શીંગફાડા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| તલ કાળા | ૪૦૨૦ | ૪૦૨૦ |
| મકાઈ | ૪૩૫ | ૪૩૫ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૮૭૫ | ૯૩૫ |
| ચણા | ૯૮૬ | ૧૦૮૦ |
| તુવેર | ૧૧૧૧ | ૧૩૬૬ |
| ધાણા | ૧૧૦૧ | ૧૪૭૦ |
| એરંડા | ૧૦૩૦ | ૧૧૮૫ |
| રાયડો | ૮૭૬ | ૯૯૦ |
| છોલે ચણા | ૧૪૯૦ | ૧૪૯૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૫૧ |
| રાયડો | ૮૭૬ | ૯૯૦ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૨૬ | ૧૪૬૧ |
| ચણા | ૧૦૯૮ | ૧૧૫૧ |
| તુવેર | ૧૨૬૧ | ૧૩૦૦ |
| ઘઉં | ૫૩૧ | ૫૩૧ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ૩૯ | ૯૨૦ | ૧૦૦૪ |
| શીંગ ૩૨ | ૯૮૦ | ૧૦૪૮ |
| શીંગ જી.૨૦ | ૧૦૦૦ | ૧૦૮૦ |
| એરંડા | ૧૦૪૬ | ૧૧૭૯ |
| જુવાર | ૩૭૧ | ૮૭૨ |
| બાજરી | ૪૫૧ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૬૫૮ |
| અડદ | ૬૦૧ | ૧૨૮૦ |
| મગ | ૧૫૦૦ | ૧૮૮૦ |
| ધાણા | ૭૨૦ | ૧૩૮૫ |
| ચણા નં.૩ | ૮૦૦ | ૧૧૧૫ |
| ચણા દેશી | ૧૧૯૫ | ૧૨૪૦ |
| તુવેર | ૧૧૭૫ | ૧૩૫૭ |
| જીરૂ | ૪૪૪૪ | ૪૫૦૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૫૩ |
| ડુંગળી સફેદ | ૧૨૫ | ૨૧૩ |
| નાળીયેર | ૯૮૧ | ૨૪૫૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૯૬૫ | ૧૦૦૪ |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૦૧ |
| બાજરો | ૪૯૦ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૦ |
| જુવાર | ૬૫૦ | ૯૨૬ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૨૧ |
| ચણા | ૯૨૧ | ૧૧૦૦ |
| જીરૂ | ૩૮૦૧ | ૩૮૦૧ |
| રાય | ૧૦૦૦ | ૧૦૬૧ |
| સોયાબીન | ૮૦૧ | ૮૦૧ |
| કાગ | ૯૦૨ | ૯૦૨ |
| એરંડી | ૯૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૮૦૧ | ૮૦૧ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૪૦ |
| શીંગ મોટી | ૯૫૦ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૧૮૫૦ | ૨૧૧૨ |
| જીરૂ | ૪૨૨૦ | ૪૭૦૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૮૬ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૭૦૦ |
| બાજરો | ૫૦૦ | ૬૦૮ |
| જુવાર | ૫૦૦ | ૮૩૫ |
| ચણા | ૧૦૯૦ | ૧૧૪૧ |
| દેશી ચણા | ૧૧૮૦ | ૧૩૦૧ |
| તુવેર | ૧૨૫૧ | ૧૪૩૦ |
| એરંડી | ૧૧૫૦ | ૧૧૯૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| રાય/રાયડો | ૧૦૦૦ | ૧૦૫૧ |
| ધાણા | ૧૩૫૦ | ૧૬૦૬ |
| અડદ | ૧૧૦૦ | ૧૨૬૬ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જીર૨૦ | ૯૮૫ | ૧૦૭૦ |
| મગફળી ૩૨નં | ૯૦૦ | ૧૦૫૨ |
| બાજરી હાઇ. | ૪૫૦ | ૫૮૯ |
| ઘઉં | ૪૮૬ | ૫૩૧ |
| રાઇ | ૯૫૦ | ૧૧૧૮ |
| રાયડો | ૯૫૦ | ૧૦૩૪ |
| મેથી | ૭૫૦ | ૯૯૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૪૨ |
| જુવાર | ૬૦૦ | ૭૮૮ |
| એરંડી | ૧૦૧૧ | ૧૧૮૬ |
| સોયાબીન | ૭૫૦ | ૮૪૬ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| કાંગ | ૪૦૦ | ૫૩૬ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૪૯૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૨૦ |
| મગફળી | ૬૦૦ | ૯૮૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૯૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૦૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૧૬૦ |

### મોટા લીલીયા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૨૪ | ૧૩૮૦ |
| કપાસ સીગ્રેડ | ૭૪૦ | ૭૪૦ |
| એરંડા | ૧૧૬૮ | ૧૧૬૮ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૪૩૦ | ૭૫૦ |
| બાજરો | ૩૦૦ | ૪૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૪૮૩ |
| અડદ | ૧૨૯૦ | ૧૪૦૦ |
| તુવેર | ૭૦૦ | ૧૩૮૦ |
| વાલ | ૧૫૦ | ૭૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૭૬ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૭૬ |
| મગફીળી જીણી | ૭૫૦ | ૧૧૦૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૨૫ |
| એરંડા | ૧૦૭૨ | ૧૧૯૧ |
| રાયડો | ૧૦૨૫ | ૧૧૧૪ |
| રાઇ | ૧૧૩૦ | ૧૨૯૦ |
| કપાસ | ૮૦૦ | ૧૪૪૫ |
| જીરૂ | ૩૧૦૦ | ૪૭૦૦ |
| અજમો | ૧૬૦૦ | ૩૪૪૦ |
| ધાણા | ૯૦૦ | ૧૫૦૦ |
| ધાણી | ૧૫૦૦ | ૧૮૨૫ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૩૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૨૨૦૦ |
| રાજમા | ૨૦૦ | ૧૧૬૦ |
| મરચા સુકા | ૩૦૦ | ૧૪૦૦ |
| કલોજી | ૨૮૦૦ | ૩૬૪૦ |

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ ૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

# મોગલોની ક્રૂરતા પર વ્હાઈટ વૉશની વરવી રમત

**વિચાર વલોણું** — જયવંત પંડ્યા



હિન્દુઓએ ઈતિહાસના દસ્તાવેજ નથી રાખ્યા તેમ કેટલાક કહે છે અને તે વાત આંશિક સત્ય છે, પરંતુ કહેનારા ભૂલી જાય છે કે બખ્તિયાર ખીલજી જેવા શાસકોએ નાલંદામાં વિશાળ પુસ્તકાલય સળગાવી દીધું હતું. સમ્રાટ અશોક શિલાલેખ દ્વારા ઈતિહાસ લખેલો તે વળી સચવાયેલો રહ્યો. પણ પોતાની બહાદુરી ઈસ્લામિક જગતમાં બતાવવા પોતાની સાથે લાવેલા અલ બિરુની-અલ ઉત્બી જેવા કથિત ઈતિહાસકારોએ જ મોગલોની ક્રૂરતાનો વિશ્વને પરિચય કરાવ્યો છે.

કેટલાક મોગલપ્રેમી લખવૈયાઓ કહે છે કે મોગલો ઔરંગઝેબના કારણે અળખામણા બન્યા. તેઓ દુષ્ટ આશયથી બાબરથી લઈને શાહજહાં સુધીના બાદશાહોએ આચરેલા અત્યાચારને વ્હાઈટવૉશ કરી દેવા માગતા હોય છે. આ રહી એ અત્યાચારોની એક ઝલક.

૧. મોહમ્મદ બિન કાસીમ મોગલ નહોતો પણ તે ક્રૂર તો હતો. (કેટલા ઈસ્લામિક બાદશાહો ક્રૂર નહોતા? પંથાંતરણ કરાવનારા નહોતા? બળાત્કારી નહોતા? દીવો લઈને શોધવા પડે.) સિંધના દીવાન ગુન્દુમલની દીકરીને કાસીમ પોતાની પત્ની બનાવવા માગતો હતો. દીકરીએ માથું કપાવવાનું પસંદ કર્યું પણ મુસ્લિમ આક્રાંતાની પત્ની બનવાનું ન સ્વીકાર્યું. રાજા દાહિરની પત્નીઓ અને પુત્રીઓએ માતૃભૂમિ અને પોતાના શિયળની રક્ષા માટે જીવ આપી દેવાનું સ્વીકાર્યું. આજેય સિંધ પ્રાંતમાં અનેક કાસીમો હિન્દુઓની દીકરીઓને ઉઠાવી લઈ મુસ્લિમ બનાવી ફરજિયાત લગ્ન કરે છે અથવા તો તેમના પર બળાત્કાર કરે છે. વેપારીઓ પાસેથી ખંડણી ઉઘરાવે છે.

૨. મહેમૂદ ગઝનવીને રોમિલા થાપર આણિ ડાબેરી લેખક મંડળી કૉંગ્રેસના સંકેત પર લૂંટારો સાબિત કરવા મથતી રહી છે. પરંતુ ગઝનવી પોતાને 'ગાઝી' ઉપાધિ ઈસ્લામ માટે લડનાર તરીકે મેળવી હતી. તેના જ ઈતિહાસકાર અલ ઉત્બીએ (અને અલ બિરુનીએ પણ) લખ્યું છે કે ગઝનીએ સોમનાથ શિવલિંગ તોડી નાખ્યું હતું. પરંતુ ૫૦,૦૦૦ જેટલા ભક્તોને મારી નાખ્યા પછી તે આમ કરી શક્યો હતો. જો લૂંટવા માટે તે આવ્યો હોય તો તેણે ભક્તોને જ મારી નાખ્યા હોત. શિવલિંગને તોડ્યું ન હોત. તેણે મુસ્લિમ કટ્ટરવાદીઓમાં પોતાનું હીર અને શૌર્ય પૂરવાર કરવા સોમનાથનું શિવલિંગ માત્ર તોડ્યું જ નહીં, તેના ટુકડાનો ઉપયોગ ગઝનીની જામા મસ્જિદનાં પગથિયાં માટે કર્યો હતો અને બાકીના ટુકડા મક્કા, મદીના અને બગદાદમાં આ જ રીતે વેર્યા હતા.

જમાલ મલિક નામના દક્ષિણ એશિયાના ઈતિહાસકાર મુજબ, સોમનાથ મંદિરને તોડવાથી મહમૂદ ગઝનવી 'ઈસ્લામનો આદર્શ' (આઈકૉન) બની ગયો હતો. પર્શિયા (હવે ઈરાન તરીકે ઓળખાય છે)માં ગઝનવીની કથાઓ સાંભળીને તેને નાયક (હીરો) માનવા લાગ્યા હતા. (ઘણા લોકો ગડબડ કરતા હોય છે કે ગઝનીએ ૧૭ વાર સોમનાથ મંદિર તોડ્યું અને લૂંટ્યું. ગઝનીની એટલી ત્રેવડ (ઔકાત, યૂ નો!) નહોતી તેણે ૧૭ વાર ભારત પર આક્રમણ કર્યું હતું. સોમનાથ પર તો એક જ વાર. ગઝનવી પછી અલાઉદ્દીન ખિલજી અને ઔરંગઝેબે તેના પર આક્રમણ કરી તેને તોડ્યું હતું. એટલે કે સોમનાથ પર ત્રણ વાર આક્રમણો થયાં અને દર વખતે તે પુનઃ પ્રતિષ્ઠિત થયું તે પણ ભવ્ય રીતે.)

મહમૂદ ગઝનવીને માત્ર હિન્દુઓ પ્રત્યે જ ઘૃણા હતી તેવું નથી. ઘણા કટ્ટર સુન્નીઓને હોય છે તેમ મહમૂદ ગઝનવીને પણ શિયાઓ પ્રત્યે ઘૃણા હતી. (ઔરંગઝેબને પણ હતી.) ઈ. સ. ૧૦૦૫માં મુલતાનમાં શિયાઓને તેણે રહેંસી નાખ્યા હતા.

૩. મોહમ્મદ ઘોરીને વીર પૃથ્વીરાજ ચૌહાણે એક વાર કે બે વાર હરાવીને ક્ષમા કરી દીધો હતો પરંતુ ઘોરીએ જ્યારે પૃથ્વીરાજ ચૌહાણને હરાવી તેને પકડી લીધો તે પછી તેની આંખો કાઢી લીધી હતી.

૪. તૈમૂર લંગ, જેના નામ પરથી સૈફ અલી ખાન અને બુદ્ધિથી પણ વટલાઈ ગયેલી કરીના કપૂર ખાને તેના દીકરાનું નામ તૈમૂર રાખ્યું છે, તેણે બે હજાર જીવતા માણસોનો એક મિનાર બનાવ્યો અને તેમને ઈંટ અને ગારામાં ચણી દીધા. ભારતમાં તેણે દિલ્હીમાં એક લાખ ભારતીય કેદીઓને પકડી તેમને કોઈ કાકડી પણ ન કાપે તેમ ક્રૂરતાથી કાપી નાખ્યા હતા. આ બાબત તેની આત્મકથા 'મલફુઝત ઈ તિમુરી'માં લખાયેલી છે.

૫. એક કલમઘસુએ શ્રી રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા વખતે મંદિર તોડનાર બાબરને સેક્યુલર સાબિત કરવા પ્રયત્ન કર્યો હતો કારણકે તેણે ગોહત્યા પર પ્રતિબંધ મૂક્યો હતો (પ્રતિબંધની વાત નર્યું જૂઠાણું છે) ! ૧૯૯૨માં ઢાંચાને કારસેવકોએ તોડી પાડ્યો તેનો બદલો ૧૯૯૦માં કાશ્મીરમાં પંડિતોની હત્યા કરી, બળાત્કાર કરી જીવતા રહ્યા તેમને ભાગી જવા ફરજ પાડીને લેવાયો હતો ! બોલો ! કેવાં જૂઠાણાં !

નમાજવાદી પાર્ટી સપાના સાંસદ રામજીલાલ સુમને બીજું જૂઠાણું ચલાવ્યું કે મેવાડના રાજા રાણા સંગ્રામસિંહ સિસોદિયા (રાણા સાંગા તરીકે પણ ઓળખાય છે) એ દિલ્લી પર રાજ કરતા ઈબ્રાહિમ લોદીને હરાવવા બાબરને આમંત્રણ આપતો પત્ર લખ્યો હતો ! હકીકત એ હતી કે રાણા સાંગાએ તો ઈબ્રાહિમ લોદીને ખતોલી, ધોલપુર, રણથંભોરની લડાઈઓ- એમ અનેક વાર ઈબ્રાહિમ લોદીને હરાવી દીધો હતો. તેમણે શા માટે આમંત્રણ મોકલવું પડે? જાવેદ અખ્તર જેવા જાવેદ અખ્તરે પણ સલીમ સાથે લખેલી, જેને પછી મનોજકુમારે મઠારી તે ફિલ્મ 'ક્રાંતિ'માં હિન્દુ-મુસ્લિમ ક્રાંતિકારીઓની વાત હતી. તેમાં દિલીપકુમારનું નામ સાંગા હતું, તે શું બતાવે છે? સલીમ-જાવેદની ફિલ્મોનાં નામ સાચુકલાં પાત્રો પરથી પ્રેરિત રહેતા હતા જેમ કે ધર્મા તેજા નામના એક કૌભાંડી પરથી સલીમ-જાવેદની 'ઝંજીર' અને 'મિ. ઈન્ડિયા' જેવી અનેક ફિલ્મોમાં તેજા નામનો વિલન રહેતો.

'હુમાયુનામા'માં લખાયું છે કે રાણા સાંગાને હરાવીને હિન્દુઓની હત્યા કરીને બાબરે 'ગાઝી'ની પદવી પ્રાપ્ત કરી. ગાઝીનો અર્થ થાય છે બીજા પંથીઓનો વધ કરનાર. બાબરે પઠાણોનાં માથાઓનો મિનાર પણ બનાવ્યો હતો.

૬. હુમાયૂં માત્ર ૪૭ વર્ષ જીવ્યો હતો અને ઔરંગઝેબ ૮૮ વર્ષ. આના પરથી કલમઘસુ તારણ કાઢે કે જે જમાનામાં સરેરાશ આયુષ્ય માત્ર પાંત્રીસ વર્ષનું ગણાતું તે સમયે 'ભારત પર રાજ કરવા' ઔરંગઝેબ ૮૮ વર્ષ જીવ્યો ! તે પણ તેની મઝહબી ચુસ્ત જીવનશૈલીના લીધે ! મોગલ પ્રેમીઓના પ્રિય થવા માટે ગપ્પાંની કોઈ સીમા હોય કે નહીં ? આપણે આપણા બાપ-દાદા-પરદાદાઓની ક્રમશઃ વય જોઈશું તો ધ્યાનમાં આવશે કે આપણા પિતા કરતાં દાદા, તેમના કરતાં પરદાદા વધુ જીવ્યા હતા. મોગલોના સમયમાં એટલું તો હતું જ કે ઔદ્યોગિકરણના અભાવે પ્રદૂષણ નહોતું. વસ્તીની ગીચતા નહોતી. કાર, સ્કૂટર વગેરે વાહનો નહોતાં. હવા-પાણી શુદ્ધ હતાં. ખોરાક શુદ્ધ હતાં. લોકો ચાલતા, બળદગાડામાં કે ઘોડા પર જતા. તેથી ડાયાબિટીસ, કિડની કામ ન કરવી, હૃદય રોગ, વગેરે રોગો ઘરેઘરે નહોતા. તો મોગલોના સમયમાં ક્યાંથી હોય? હા, ક્ષય જેવા રોગો હતા. તેથી તે સમયે ૯૦ કે ૧૦૦ આસપાસ વય હોવી તે સ્વાભાવિક હતું. તો પછી હુમાયૂં કેમ ૪૭ વર્ષ જ જીવ્યો?

હુમાયૂંને તેના સાવકી મા (સાવકા ભાઈ કામરાનની માતા)એ અફીણના રવાડે ચડાવી દીધો હતો કારણકે તે પોતાના દીકરા કામરાનને ગાદી મળે તે માટે હુમાયૂંને પતાવી દેવા માગતી હતી. હુમાયૂંને શેરશાહે હરાવી દીધો હતો અને તેને ભાગવું પડ્યું હતું. બાદમાં હુમાયૂં પાછો આવ્યો ત્યારે તે જેને પોતાનો દીકરો અકબર સોંપીને ગયો હતો તે કામરાનની બંને આંખો ફોડી નાખી. આવા ક્રૂર હતા મોગલો અને કલમઘસુ લખે કે ઔરંગઝેબના લીધે મોગલો અળખામણા થયા (નહીંતર તો કેમ જાણે મોગલો બધાને પ્રિય હોત.) આવા બધામાં હુમાયૂં લાંબું ન જીવ્યો અને ઔરંગઝેબ જીવ્યો તેનો અર્થ એમ ન કાઢી શકાય તે સમયે ભારતમાં સરેરાશ આયુષ્ય માત્ર ૩૫ વર્ષનું જ હતું. રંગસૂત્રને અંગ્રેજી મૂળાક્ષર પરથી 'વાય' નામ આપ્યું એટલે દીકરાઓ વાંકા હોય છે તેવી મહિલા વર્ગમાં લોકપ્રિય થવા અવૈજ્ઞાનિક અને હાસ્યાસ્પદ કરતાંય મૂર્ખામીભરી વાત થઈ આ.

૭. કલમઘસુનું વધુ એક જૂઠાણું પણ જોવા જેવું છે. મૌર્ય-ગુપ્ત કરતાં મોગલોએ વધુ રાજ્ય કર્યું. મોગલપ્રિય થવા વધુ એક જૂઠાણું. મૌર્ય વંશે ઈ. સ. પૂર્વે ૩૨૧થી ૧૮૫ સુધી એટલે કે ૧૩૬ વર્ષ શાસન કર્યું. ગુપ્ત વંશે ઈ. સ. ૨૪૦થી ૫૭૯ સુધી એટલે કે ૩૩૯ વર્ષ શાસન કર્યું. જ્યારે મોગલોએ ઈ. સ. ૧૫૨૬થી ૧૮૫૭ સુધી શાસન કર્યું. એટલે કે ૩૩૧ વર્ષ. છે ને જૂઠાણાંની હારમાળા?

૮. ઔરંગઝેબે ગાદી માટે સગા ભાઈઓની હત્યા કરી. પિતાને કારાવાસમાં પૂર્યા. બીજી ક્રૂરતાઓના કિસ્સા તો આનાથી પણ વધુ છે. ઔરંગઝેબે જ્યારે પિતા શાહજહાંને કારાવાસમાં પૂરતા પાણીથી પણ વંચિત રાખ્યા ત્યારે શાહજહાંએ ફારસીમાં પત્ર લખી કહ્યું હતું – "એ પિસર તૂ અજબ મુસલમાની, બ પિદરે જિંદા આબ તરસાની, આફરીન બાદ હિંદવાન સદ બાર, મૈં દેહંદ પિદરે મુર્દારાવા દાયમ આબ'. એટલે કે હે મારા દીકરા, તું કેવો મુસલમાન છે? જીવિત પિતાને પાણી માટે તરસાવે છે. એક આ હિન્દુઓ છે જેની સો-સો વાર પ્રશંસા કરું છું કેમ કે તેઓ પોતાના મરેલા પિતૃઓને પણ પાણી આપે છે. પરંતુ ઔરંગઝેબ પર લખતી વખતે આ નહીં લખવાનું કારણકે હિન્દુઓની સારી બાબત લખો તો કબરમાંથી ઔરંગઝેબ મારવા દોડે.

૯. અત્યારે વક્ફ ખરડો આવવાનો હોય ત્યારે નાહકનો વિવાદ ન થાય અને વાતાવરણ ન બગડે (જોકે નાગપુરમાં કટ્ટરવાદી ટોપીધારીઓ તરફથી હિંસા તો થઈ જ) તે માટે કોઈ હિન્દુવાદી નેતા એમ કહે કે લડવાનું ઔરંગઝેબની વિચારધારા સામે છે, કબર સામે નહીં, પરંતુ જે ઔરંગઝેબ કે જે કટ્ટરવાદીઓ કબરમાં રાખીને કાયમ જીવતા રાખવા નથી માગતા તે કબર રાખીને જગ્યા શા માટે ફાલતુમાં વેડફવાની? શ્રી રામજન્મભૂમિ માટે જેવી દલીલો થતી હતી તેમ અહીં કોઈ ચબૂતરો બનાવી દો. પક્ષીઓને ચણ ખાવા તો મળશે. હૉસ્પિટલ તો આવી જગ્યાએ ન જ બને. તેના માટે ગ્રહ શાંતિ કરાવીને જમીન ચોખ્ખી કરાવવી પડે.

૧૦. કબર સામે અહિંસક વિરોધ કરનારા હિન્દુઓ લુચ્ચા અને કબર માટે હિંસા કરનારા કટ્ટરવાદી જિહાદીઓ બેવકૂફ એમ? આટલું તુષ્ટિકરણ તો કૉંગ્રેસ અને સપાવાળા પણ નથી કરતા.

૧૧. સાંપ્રત સમયમાં ઘટતી ઘટનાઓમાંથી કેટલીક પસંદગીની ઘટનાઓ ઉઠાવીને ભારતને નીચું ચિતરવાનું. ભારતના સંદર્ભમાં તથાકથિત અંધશ્રદ્ધા કે કટ્ટરતાની વાત જ લેવાની અને વિદેશ- એમાંય જ્યાં જઈને આવભગત કરાવવાની હોય તેવા અમેરિકામાં કંઈ અવકાશની ઘટના ઘટે તો એમ વાત કરવાની કે ત્યાં લોકો અંતરિક્ષમાં જઈ પાછા આવે છે ને ભારતમાં લોકો કબરના મુદ્દે લડે છે ! આવું તો અમેરિકા મુદ્દેય કહી શકાય કે ભારતે આધુનિક જીયોગ્રાફિક ઈન્ફૉર્મેશન સિસ્ટમ (જીઆઈએસ)ની સહાયથી ભારતમાલા, સાગરમાલા, વગેરે જેવા રેલવે, રૉડ, બંદરગાહો, જળમાર્ગો, વિમાનમથકો, માસ ટ્રાન્સપૉર્ટ, લૉજિસ્ટિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા અનેક રીતે આવાગમનનાં જોડાણ પૂરાં પાડવાનો ગતિશક્તિ પ્રૉજેક્ટ ૧૩ ઑક્ટોબર ૨૦૨૧ના દિને શરૂ કર્યો હતો અને અમેરિકનો હજુ ૧૩ના આંકને અપશુકનિયાળ માને છે.

ભારતમાં ઓછું ભણેલા લોકો પણ ઈવીએમથી મતદાન કરે છે જ્યારે અમેરિકા જેવો વિકસિત – સુપરપાવર દેશ હજુ ૨૦મી સદીની જૂની મતપત્રકની પદ્ધતિથી ચૂંટણી યોજે છે જેમાં ધાંધલી થાય છે. ભારતમાં ઓછું ભણેલા – શાકભાજીના વેપારી કે રેકડીવાળા પણ યુપીઆઈ પેમેન્ટ સિસ્ટમ વાપરે છે જ્યારે અમેરિકામાં પેમેન્ટ બાબતે હજુ પણ લોકો ક્રેડિટ કાર્ડ વાપરે છે. આવી સરખામણી, હવે તો સૉશિયલ મીડિયાનો કોઈ સામાન્ય વપરાશકાર પણ કરે છે જેના વીડિયોને આવા ફાલતુ પૉસ્ટ-લેખો કરતાં વધુ લાઈક મળે છે.

૧૧. ઔરંગઝેબનું શાસન અફઘાનિસ્તાનથી તમિલનાડુ સુધી હતું? આવાં ગપ્પાં? તમિલનાડુના જિંજીમાં ઔરંગઝેબના સેનાપતિ ઝુલ્ફીકાર ખાને મરાઠાઓની સામે આઠ વર્ષની લાંબી લડાઈ પછી હરાવીને વિજય મેળવ્યો હતો, પરંતુ જે માપદંડથી ઔરંગઝેબનું શાસન તમિલનાડુ સુધી વિસ્તરેલું બતાવાય છે તે જ માપદંડથી તે પહેલાં મરાઠાઓનું રાજ્ય તમિલનાડુ સુધી ન ગણાય? તે પહેલાં વિક્રમાદિત્ય અને ગુપ્ત રાજાઓ શું માખી મારતા હતા? સમ્રાટ અશોકે ક્યાં સુધી રાજ્ય વિસ્તાર્યું હતું? શક-હૂણ-તુર્ક-મોગલોની લાળ કેમ ટપકી હતી? સત્ય એ છે કે ઔરંગઝેબને છત્રપતિ શિવાજી અને તેમના પુત્ર છત્રપતિ સંભાજી વગેરે હિન્દુ મરાઠાઓએ દક્ષિણમાં બહુ ફાવવા જ ન દીધો. એટલે તો ઔરંગઝેબનું મૃત્યુ મહારાષ્ટ્રમાં થયું.

૧૨. ક્રૂર ઔરંગઝેબની અવદશા થઈ. એટલે અત્યારે ક્રૂર શાસકો હશે તેની પણ આવી જ અવદશા થશે તેમ કહીને અંતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નામ વગર ટોણો મારી દેવાનો. ખૂની તાનાશાહ કહી દેવાના. શું મોદી ક્રૂર છે? મોદી ખૂની તાનાશાહ છે? ત્રણ વાર એમ ને એમ ચૂંટાઈને આવ્યા છે? ઈન્દિરાજીની જેમ કટોકટી લાદી છે? હા, પાકિસ્તાનમાં લશ્કર અને જૈશના આતંકવાદીઓને અજ્ઞાત લોકો મારે છે અને તેનો શ્રેય પાકિસ્તાનીઓ મોદીને આપે છે. તે જો ક્રૂરતા હોય તો આ ક્રૂરતા સારી છે. ભારતમાં નક્સલવાદીઓને ઠાર મારવામાં આવે છે. આ ક્રૂરતા હોય તો આ ક્રૂરતા હોવી જ જોઈએ. નરેન્દ્ર મોદી દિલ્લીમાં બેઠા છે એટલે જ ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથના રાજમાં ગુંડાઓ ઠાર મરાય છે. યુપીએ સરકાર દિલ્લીમાં હોત તો ફેક એન્કાઉન્ટરના કેસમાં યોગીને પણ જેલમાં જવું પડ્યું હોત અને ઉત્તર પ્રદેશમાં ગુંડાગીરી છે તે કરતાં અનેક ગણી બિહારમાં લાલુના જંગલરાજ વખતે અને ગુજરાતમાં કૉંગ્રેસ શાસનમાં લતીફ-ગુજ્જુખાન પઠાણ-રાજુ રિસાલદારની જેમ ફૂલીફાલી હતી તેમ ફૂલીફાલી હોત. ■ jaywant.pandya@gmail.com

# બોલવું છે ? - શબ્દો ક્યાં?, દાનત ક્યાં ?

**રાજકીય રસધાર** — પ્રવીણ માધાણી



"હું તો ભય અને હતાશા પર નહિ પણ તીવ્ર સજાગતા અને પ્રયાસો પર ભાર મુકું છું."

" એટલે આપણે આપણી ફરજો પ્રત્યે વધારે ચુસ્ત બનીએ અને આપણી જાતને એમ તૈયાર કરીએ કે જો બ્રિટીશ સામ્રાજ્ય અને તેનું કોમનવેલ્થ હજાર વર્ષ ટકે, તો લોકો કહેશે ' આ તેમની શ્રેષ્ઠ પળ હતી.' "

" ... હિટલર જાણે છે કે તેણે આપણને આ ટાપુ પર તોડી પાડવા પડશે, નહિ તો યુદ્ધ હારવું પડશે. આપણે જો તેની સામે ઉભા રહીશું, તો સમગ્ર યુરોપ મુક્ત થશે અને સમગ્ર વિશ્વનું જીવન વિશાળ, પ્રકાશિત મેદાનોમાં આગળ વધશે......"

ઉપરના ત્રણેય વિધાનો વિન્સ્ટન ચર્ચિલના છે. ૧૮ જૂન ૧૯૪૦ના રોજ ઈંગ્લેન્ડની હાઉસ ઓફ કોમન્સમાં યુધ્ધના વાતાવરણ વચ્ચે, જયારે એવું લાગી રહ્યું હતું કે મિત્ર રાષ્ટ્રો યુદ્ધ હારી રહ્યા છે, ઈંગ્લેન્ડ હારી રહ્યું છે, ત્યારે બોલાયેલા છે. ખુબ લાંબા ઉદ્‌બોધનના આ અંશ માત્ર છે. એ પ્રવચનમાં ચર્ચિલે યુદ્ધ મોરચાની અભ્યાસગત બારીકીઓ રજૂ કરી હતી. જે કોઈ લશ્કરનો માણસ જ ધરાવી શકે. બંને તરફી ભૌગોલિક, સાંખ્યિક તાકતો અને નબળાઈઓને ચર્ચિલે એ ભાષણમાં આવરી લીધી હતી. એણે એ યુધ્ધના પાંચ વર્ષ દરમિયાન પણ આશરે પંદર હજાર માઈલનો પ્રવાસ કર્યો હતો. વિશ્વના નેતાઓ સાથે વાર્તાલાપો ચાલુ રાખ્યા અને સૌથી અગત્યનું, જાતે મીલીટરી વ્યૂહરચના ઘડવાનો અનુભવ લીધો હતો અને સતત રેડિયોના માધ્યમ થકી દેશ અને મિત્ર રાષ્ટ્રોની પ્રજાને સંબોધિત કરતા રહીને ઉત્સાહ ટકાવી રાખ્યો હતો. એ સમય હતો જયારે આખું યુરોપ, અમેરિકા અને અન્ય વિશ્વ પણ ચર્ચિલને ધ્યાનથી સાંભળતા હતા. એ ચર્ચિલ જ હતા જેણે અંતે ૮મે ૧૯૪૫ના રોજ હિટલરની બિનશરતી શરણાગતિની જાહેરાત કરી હતી. અભ્યાસ દ્વારા વિશ્વયુદ્ધ જીતી શકાય છે. વડાપ્રધાન તરીકે વ્યૂહરચના સમજવાની જવાબદારી ચર્ચિલની નહોતી. પણ જો વિશ્વયુદ્ધ જીતવું હોય તો આટલો અભ્યાસ તો જરૂરી છે. સતત પાંચ વર્ષ રેડિયો પર બોલીને પ્રજાનો ઉત્સાહ ટકાવી રાખવા માટે ચર્ચિલને અભ્યાસની જરૂર પડી જ હશે. જયારે તમે ઉત્કટ લાગણીથી અભ્યાસગત બાબત અંગેની ચર્ચા કોઈપણ જગ્યાએ છેડો છો તો લોકો તમને જરૂરથી સાંભળે છે.

આજે ભારતમાં એક વર્ગ એવો ગણગણાટ કરતો ફરે છે કે એમને બોલવા દેવામાં નથી આવતા. દેશમાં વાણી સ્વાતંત્ર્યનો બંધારણીય અધિકાર સરકાર દ્વારા સમાપ્ત કરી દેવામાં આવ્યો છે. દેશમાં અઘોષિત કટોકટી ચાલી રહી છે. એમની કમનસીબી એ છે કે બોલવા નથી દેવામાં આવતા એ તકલીફ કરતા સાંભળવા વાળા ઓછા થતા જાય છે એ છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીનો આ ખુબ જુનો અને જાણીતો પ્રશ્ન છે. એમનો વ્યક્તિગત પણ છે, કે એમને સંસદમાં બોલવા દેવામાં નથી આવતા અને સામાન્ય પણ છે કે દેશની જનતાને પણ અવાજ ઉઠાવતા રોકવામાં આવી રહી છે. અલબત એ બીજી વાત છે કે વકફ અને મણિપુર મુદ્દે ચર્ચા સમયે એમની ગેરહાજરી હતી. મુદ્દાઓ ઉઠાવીને વેકેશન પર જતા રહેવું અને આવીને ન બોલવા દેવા અંગે કાગારોળ મચાવવી, ખુબ અગત્યના મુદ્દાઓની બહેસ વખતે દેશની સંસદમાં ગેરહાજર રહેવું, ત્યારબાદ વિદેશની યુનિવર્સીટીમાં જઈને પચાસ વિદ્યાર્થી વચ્ચે દેશના એ મુદ્દાઓની ચર્ચા કરવી રાજકીય ડહાપણ નથી. જો તમારે સરકારને ઘેરવી હોય તો સંસદ જેવી ઉત્તમ જગ્યા એક પણ નથી. અને સદભાગ્યે આજે દેશનો મોટો વર્ગ સંસદનું પ્રસારણ જુએ છે. જો તમે દેશને સંબોધન કરવા માંગતા હો, તમારી વાત રાખવા માંગતા હો, તો આ જગ્યાથી મોટું પ્લેટફોર્મ કોઈ નથી. આઝાદીની લડાઈના સંઘર્ષમાં એક વખત પ્રથમ હરોળના બધા નેતાઓને અંગ્રેજોએ જેલમાં નાખ્યા હતા. પાછળથી જનતાએ હિંસા આચરી. સૌ પ્રથમ નહેરુ છૂટ્યા. કલકતામાં ગાડીના હૂડ પર ઉભા રહીને ભેગી થયેલી જનતાને સંબોધન કર્યું... જનતાએ જે કર્યું એની જવાબદારી હું સ્વીકારું છું... અંગ્રેજ સરકાર મને ફાંસી મારે. પ્રજામાં તહેલકો મચી જવો લાઝમી હતો. ગાડીના હૂડ પર ઉભા થઈને તમે જનતાને પાગલ કરી શકો છો અને સંસદમાં પણ કાઈ ઉકાળી શકતા નથી, નહેરુ શબ્દોના સ્વામી હતા. પોતે બોલવા પુરતો એમનો અભ્યાસ અને શબ્દો પરની પકડ હતી. રાહુલ ગાંધીએ બોલવાનું શીખવા કુટુંબની બહાર જવાની પણ જરૂર નથી.

બોલવા માટે ભાષામાં કન્ટેન્ટ જોઈએ, વજન જોઈએ. મુદ્દાનો અભ્યાસ જોઈએ. જે બોલવાનું છે એ વિષે લાગણીની ઉત્કટતા જોઈએ. શબ્દે શબ્દે ઈરાદાઓ પ્રગટ થાય. એમાં પણ જો તમે સંસદ જેવી જગ્યા પરથી બોલી રહ્યા છો, તો જવાબદારી, ભાષાનો સંયમ, શબ્દોની પસંદગી અને લાગણીની અભિવ્યક્તિમાં ઉષ્મા અનેક ગણી વધી જાય છે. એકસો ચાલીસ કરોડ દેશવાસીઓના પ્રતિનિધિ બનીને કોઈ મુદ્દે બોલવા ઉભું થવું નિસંદેહ એક મોટી જવાબદારી હોય છે.

વકફ બિલ અંગે સંસદના બંને ગૃહમાં ચર્ચા ચાલી હતી. સંખ્યાબળ અનુસાર બોલવાનો સમય મુકર્રર કરવામાં આવ્યો હતો, જે દરેક ચર્ચામાં કરવામાં આવે છે. કોઈ મુદ્દે તમારો પક્ષ અને દાનત અલગ બાબતો બની રહે છે. પણ હકીકત એ છે કે સામાવાળાઓ પણ ઈચ્છે છે કે તમે બોલો. જયારે વિરોધીઓ તમને તેમના સ્ટાર પ્રચારક માનતા હોય, ત્યારે ન બોલવું હિતાવહ છે.

ક્વિક નોટ – મેં ગોરા પ્રભુત્વની વિરુદ્ધ લડાઈ લડી છે, મેં અશ્વેત પ્રભુત્વની વિરુદ્ધ પણ લડાઈ લડી છે. મેં તો એવા લોકશાહીયુક્ત અને મુક્ત સમાજના આદર્શોની ઝંખના સેવી છે જ્યાં બધા જ લોકો સંવાદથી અને સમાન તકો સાથે જીવે. – નેલ્સન મંડેલા કેપટાઉનની જેલમાંથી... મુક્તિ સમયે

■ production@infiniumpharmachem.com

# ભક્તિ કરવી ને ભક્તિ બતાવવી એમાં શું તફાવત ?

**હાસ્યાય નમ:** — ડો. પ્રકાશ દવે ૯૫૭૪૩૭૪૪૫૩

(૧) ટેબલ અને ખુરસી વચ્ચે શું સંબંધ?
ઉન્નતિ મહેતા (રાજકોટ)
ખુરસી ટકાવી રાખવા માટે સારું ટેબલ હોવું જરૂરી છે!

(૨) રંગોનો તહેવાર હોળી તો હૈયાહોળી એટલે શું ?
ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)
હોળી રમતા રમતા જે ડખો થઈ જાય એ હૈયાહોળી!

(૩) લાંચ લેનારને શું સજા આપવી જોઈએ?
રામભાઈ પટેલ (સુરત)
લાંચ દેનારને ઘેર પોતું કરી દેવાની.

(૪) પ્રસાદીયા ભગત એટલે શું ?
જીગર આહીર (દાત્રાણા- પાટણ)
જે પ્રસાદ સમયે જ આવે છે એને પ્રસાદીયા ભગત કહે છે. એ લોકો મોડા આવતા હોવાથી કથામાં ઘોંઘાટ ઓછો થાય છે.

(૫) ફક્ત ૧૭ આમંત્રિતોને જમાડવાના હોય એમાં પણ લોકો પંગતને બદલે બુફેના કાઉન્ટર ગોઠવી દે છે.
કનુભાઈ પરમાર (દામનગર)
પણ બૂફે માટે જ કાંઈ સત્તરને બદલે એકસો સીતેર માણસોને ભેગા ન કરાયને!

(૬) સાહેબ..! મેં સાંભળ્યું છે કે એક સ્ત્રી બાળકને જન્મ આપે અને જે પીડા થાય એવી પીડા તમને જવાબ આપવામાં થાય છે?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
તોય લોકો એને હસવામાં કાઢી નાખે છે, બોલો!

(૭)ભક્તિ કરવી ને ભક્તિ બતાવવી એમાં શું તફાવત?
હિરાલી લોઢિયા (ચમારડી)
હીરા ઘસવા અને હીરાનો હાર પહેરવો એમાં જે તફાવત હોય એ.

(૮) તમે અજબ સવાલના ગજબ જવાબ આપો છો તો બેસ્ટ સવાલ કરે એને ઈનામ કેમ નથી આપતા?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
કોઈક બેસ્ટ સવાલ પૂછે તોને?!

(૯) બચત એટલે શું?
કટારિયા અમિત હિંમતભાઈ (કીડી)
ઘણાય બહુ લાંબા સવાલો પૂછે છે. તમે ટૂંકો સવાલ પૂછ્યો છે. આને તમે શબ્દની બચત કરી કહેવાય!

(૧૦) મારા ઘેર ઉત્સવ છે અને મને હાથમાં ફેક્ચર થયું છે અને પાટો આવ્યો છે તો શું કરવું?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
'પાટો'ત્સવ મનાવો.

(૧૧) અમદાવાદ આવો આઈ.પી.એલ.ની મેચ જોવા!
રમાબેન પટેલ (અમદાવાદ)
જમવું ક્યાં?!

(૧૨) એવું શું છે જે દાંત ન હોય તો પણ ખાઈ શકાય?
નીરવ ડણાંક (અમરેલી)
દયા.

(૧૩) રોજ બપોરે બે વાગે અજાણ્યા નંબર પરથી ફોન આવે છે અને રાજકોટથી બોલું છું એમ કહે છે. આ માણસ સાચું બોલતો હશે કે ખોટું?
દર્શન પટેલ (વડોદરા)
ખોટું જ બોલતો હોય. બપોરે બે વાગે રાજકોટથી તો ફોન ન જ આવે!

(૧૪) માણસે માણસને પણ નકલી બનાવી દીધો તો અસલી કઈ ખરું?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
અસલી જયશ્રીબેનની જગ્યાએ કોઈ નકલી જયશ્રીબેને આ સવાલ નથી પૂછી લીધોને?!

(૧૫) બધામાં ૧૯-૨૦ નો જ ફરક કેમ હોય છે?
મહેન્દ્ર મકવાણા (કરજણ)
તો તમારે કેટલો ફરક રાખવો છે?! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# ગીર અને ગિરિકંદરાઓમાં મોડી પડેલી વસંત ઋતુ સોળે કળાએ અવતરી છે

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

જિંદગીની વાત તો બહુ દૂરની છે, એકાદ દિવસની જ વાત કરો ને ! દિવસમાં એવો કેટલો સમય મળે છે કે જ્યારે પોતાની જાત સાથે ઘડી-બ-ઘડી વાત થઈ શકે ? લગભગ નહિ. વસંતઋતુનો વાયરો મલયાનિલ છે. એનો પવન ચિત્તને ક્યાંથી ક્યાં લઈ જાય છે ! હૃદયની પ્રકૃતિદત્ત કામાસક્તિની મોસમ વસંત છે. કામનાઓની આસક્તિને ઋતુરાજ પ્રદીપ્ત કરે છે. આસક્તિ એટલે જીવ જેના આકર્ષણથી મુક્ત નથી. વૃંદાવનમાં કૃષ્ણ તરફ ગોપબાલિકાઓ તણાતી જાય છે. આકર્ષણ એક એવી તાણ છે જે છાની રહી શકતી નથી. ચાહક અને ચાહિકાને ખબર હોતી નથી પણ જગત આખું એ જાણતું હોય છે. જેમાં કંઈ ગોપનીય રહી શકે એમ જ નથી એ ગોકુળનો સ્નેહ છે.



વસંત ઋતુ ઊંડે ઉતરનારી ઋતુ છે કારણ કે એ ઊંડેથી આવે છે. વરસાદ તો નથી. આખા વનવગડાને કોઈએ જળસિંચન તો કર્યું નથી. હમણાં સુધી તો આ સર્વ નિષ્પર્ણ વનરાજિ મરણોન્મુખ દેખાતી હતી ને એકાએક હરિતમ પ્રલય એના અંગેઅંગમાં ક્યાંથી થયો ? એ કમાલ એના ઊંડા મૂળની છે, જે શાખાપ્રશાખા સુધી નવ્યજીવનધારા વહેતી લઈ આવે છે. જેમનામાં ઊંડાણ નથી તેઓ કપરાકાળે ફરી લીલ્લા થઈ શકતા નથી. દેખાતી સંપદા તો સહુ પાસે હોય, ભીતરના વણદેખ્યા મલકનો જે માલેતુજાર હોય એ જ વસંતે વસંતે નવાવતાર ધારણ કરી ફરી ફરી મહેકે છે. આ વખતે તો ગીર અને ગિરિકંદરાઓમાં વસંત ઋતુ સોળેય કળાએ અવતરી છે. એનું રૂપ મનમોહક છે.

રંગબેરંગી ફૂલો પણ અંતઃકરણની ભાષા છે. એ પહોંચે છે આપણા સુધી ઈન્દ્રિયો દ્વારા. પરંતુ ફૂલો અને એની સુગંધ વાસ્તવમાં ઈન્દ્રિયાતીત છે, કારણ કે એ આપણને પરમ આનંદના એવા અનુભવો સુધી લઈ જાય છે જે સામાન્ય વ્યાવહારિક જીવનમાં વારંવાર પ્રાપ્ત થતાં નથી. મનુષ્ય આમ તો દિવસભર પોતાના બુદ્ધિ પ્રદેશમાં વસે છે, પરંતુ એમાંથી ક્યારેક-ક્યારેક એ હૃદયપ્રદેશમાં પ્રવેશી જાય છે. જેમ કે પિતા જ્યારે દીકરી સાથે વાત કરતા હોય.... અથવા તો સમી સાંજે શાળાએથી પાછો આવતો પુત્ર માતાને ગળે વળગી પડતો હોય અથવા તો એક હાથમાં ગૃહિણી ઝાલર વગાડતી હોય ને બીજા હાથે નિજમંદિરમાં આરતી ઉતારતી હોય... ત્યારે આપણે હૃદયના પ્રદેશમાં પ્રવેશી જઈએ છીએ.

જેને ધર્મ કહે છે એ અલગ વસ્તુ છે અને એવું નથી કે માત્ર ધર્મમાં જ પુણ્ય થાય છે, પરંતુ મનુષ્ય જ્યાં સુધી પોતાના નિર્વિકાર અને નિર્વિચાર હૃદય દ્વારા અસ્તિત્વ ધરાવે અને પોતાની હયાતીના આનંદમાં જ મગ્ન રહે તો તે પણ એક પુણ્યસંપદા જ છે, એ ભલે ચિત્રગુપ્તના ચોપડે ન ચડે. પરંતુ હૃદયપ્રદેશમાં વિદ્યમાન રહેવું એના જેવી જિંદગીની મહત્ ઉપલબ્ધિ બીજી કોઈ નથી. ધ્યાનની કોને જરૂર છે ? જેમણે પોતાની જિંદગી બુદ્ધિને વેચી નાંખી છે અને હવે બુદ્ધિ પાસેથી એ જિંદગી પાછી લઈને હૃદયને આપવાની છે એણે મહામૂલા ધ્યાનની ચૂકવણી કરવી પડે છે. બુદ્ધિના હાથમાં જે કંઈ આવે એ પછી હૃદયના હાથમાં ન આવે. પતિ-પત્નીના સંબંધોમાં પણ બધું હૃદયને જ સોંપી દેવાની મઝા છે. સંબંધોમાં અબુધ કે અણઘડ દેખાવું સારું, પણ હૃદયની સીમાનું ઉલ્લંઘન યોગ્ય નહિ.

વસંત ઋતુ આપણને ચૂપ કરવા આવી છે. આમ્રમંજરીની મહેકથી કોકિલ મત્ત બને છે અને પ્રાતઃકાળથી કોકિલાની ઝંખનામાં એ ગુંજન શરૂ કરે છે. કોકિલસ્વરના બે જ શ્રેષ્ઠ મુહૂર્ત છે - વહેલી સવારે અને બરોબરના બપોરે. એના કુહૂઉઉઉકારમાં અને મોરના વર્ષાકાલીન ટહુકારમાં શું છુપાયેલું છે તે રહસ્ય કોઈ જાણતું નથી. બસ એ સ્વર અતિપ્રિય છે એટલી જ સહુને ખબર છે. એ ભીતર પ્રવેશતા સ્વરસંપુટ છે. જિંદગીમાં જે કંઈ પણ ફરી ફરી સાંભળવાનું મન થાય એ સંગીત છે. ભણ્યાગણ્યા પછીય જે અક્ષર અને શબ્દ વારંવાર ઘૂંટવાનું મન થાય તે બ્રહ્મ છે. ભીતર મળે, ભીતર ભળે, ભીતર ન રહે ભેદ, ભીતરને જે ઓળખે એને શું કરવા ચારે વેદ...? બહાર બહુ દોટ લગાવી છે. બહુરંગી રમતમાંથી નવરાશ મેળવવા આ બહુરંગી રત આવી છે. એના અનુસંધાને અમથો એક આપ્પદીપ પ્રગટાવી ભીતરના પંથે ઊંડે ઊતરવાનું આ ટાણું છે. કારણ કે ભીતરના વૈભવને કદી શિશિર અડતી નથી કે નડતી નથી.

નવપલ્લવિત થવું એ દરેક વૃક્ષવેલના વસંતસંસ્કાર છે. મનુષ્ય પાસે નિત્ય પ્રાતઃકાળ છે તે છે તો નવપલ્લવિત થવા માટે જ. પણ ગઈકાલના પીળા પાંદડાઓને આપણે એટલા બધા સાચવી રાખેલા હોય છે કે નવોદિત લીલી કૂંપળ માટે ભાગ્યે જ જરાક જગ્યા બચી હોય. વન-ઉપવનને જે તક વરસે મળે છે તે તક અને તે તાજગી મનુષ્યને દરરોજ વહેલી સવારે સુલભ છે. પણ રોજનો એ અમૃતાનુભવ લેવાની કેટલાને તમા છે ? આપણે ઘરના ઉંબરે અટકી ઊભેલી વસંતના ક્યારેક માત્ર દર્શનાર્થી જ હોઈએ છીએ. કેટલાક ઘર તો એવા હોય છે કે જયાં વસંતના પ્રવેશ પર જ પ્રતિબંધ હોય છે. ભૌતિક સુખની તાણમાં કેસૂડાનું એક ફૂલ પણ આપણા સ્નાનગૃહમાં પગલા પાડી શકતું નથી. વસંતઋતુનો બારમાસી રાજદૂત શિશુ છે. આપણા પરિવારોના આંગણે નિત્ય વસંતનો વિજયધ્વજ લઈ દોડાદોડ કરનારા શિશુઓ આપણી જિંદગીની ઉષા અને ઉષ્મા બન્ને છે.

શાળાઓમાં આજકાલ જે બાળકો જોવા મળે છે તે માતૃત્વની ડેફિસિટ સાથેના બાળકો છે. કારણ કોઈ પણ હોય પરંતુ આજની માતાઓ તેમના સંતાનોને પૂરતો સમય આપી શકતી નથી. કારકિર્દી, સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબની અલગ અલગ ભૂલભુલામણી અને વિશેષ તો માતાનું પોતાનું અજ્ઞાન. બાળક જુનિયર કે. જી. માં જતું થાય એટલે માતાઓ હાશકારો અનુભવે છે. પછી બે-ત્રણ વરસ એને રાહ જોવી 'પડે' છે કે ક્યારે બાળક શાળાએ ફુલટાઈમ જતાં થાય. માતાની આ મનોવૃત્તિ ખરેખર તો બાળકની જિંદગીનું મહત્ દુર્ભાગ્ય છે. જે ઘરમાં શિશુઓને આપવાનો સમય સહુ પાસે છે એ ઘરનો ધર્મ વસંત ઋતુ છે. કારણ કે એક બાળક સાથે કામ પાડવામાં જે જે પ્રવૃત્તિઓ થાય તેનાથી સહુની જિંદગી અપડેટ થાય છે. વસંત ઋતુ પ્રકૃતિની દર વરસે અપડેટ થતી રહેતી નવી આવૃત્તિ છે. દરેક બાળક હજારો અભિનવ જીવનકલા લઈને આવે છે. માતા-પિતાથી વિશેષ દાદા-દાદી કે નાના-નાની સાથે બાળકોને કેમ વધુ માયા બંધાઈ જાય છે ? કારણ કે તેઓ તેમને ભરપુર સમય આપે છે.

બાળકોની પ્રમુખ જરૂરિયાત સમય છે. તમે એને જેટલો વધુ સમય આપો એટલો એનો શારીરિક, બૌદ્ધિક અને સંવેદના તંત્રનો વિકાસ વધુ ઝડપી અને સુગમ રહે છે. ઘરમાં દસ કલાક જાગૃત રહેનાર બાળકની સમયની ભૂખ ઓછામાં ઓછી દરરોજ પચાસ કલાકની હોય છે. એટલે કે કુટુંબના અને અન્ય લોકો પાસેથી કુલ પચાસ કલાક લેવા ચાહે છે. એટલો સમય સહુના તરફથી એને સરવાળે મળી રહે ત્યારે એને એક દિવસનું સામયિક પરિપોષણ મળ્યાની તૃપ્તિ એને થાય છે. શૈશવકાળમાં મનુષ્ય વન-ટુ-વન કોમ્યુનિકેશનની વ્યક્તિ નથી. એને સમૂહમાં ઉછેર વધુ માફક આવે છે. છતાં ઓછા કે અલ્પસંખ્ય પરિજનો વચ્ચે ઉછરતા બાળકો આ જગતમાં અધિક છે, આગળ જતાં એ મનુષ્યને આ જગત સાથે અનુકૂલન સાધવામાં તકલીફ પડે છે. તેઓ વારંવાર ઓફટ્રેક થઈ જાય છે. તેઓ વધુ પડતા અંતર્મુખી થઈ શકે છે.

અંતર્મુખી હોવું તે જિંદગીના પરમ ઉપાસકનું લક્ષણ છે. પરંતુ બહિર્જગતમાં બહિર્મુખતા અમુક હદે જરૂરી છે. સાવ સામાન્ય દૃષ્ટિએ જુઓ તો બાળક એકની ફરિયાદ બીજાને કરી શકે અને બીજાની ફરિયાદ ત્રીજાને કરી શકે એવી વ્યવસ્થા હોવી જોઈએ. વધુ સમય એકલી માતા પાસે ઉછરતા બાળકો વારંવાર અને તત્ક્ષણ માની ફરિયાદ કોને કરે ? એમાં એને રિસાઈ જવાના ચાન્સ પણ ઓછા મળે. એટલે ક્રમશઃ જે છે એને સ્વીકારી લેવાની સ્થિતિ આવે જે તો માનવ ઉત્ક્રાન્તિથી તદ્દન વિપરીત છે. આપણે અહીં સુધી પહોંચ્યા એનું કારણ જ એ છે આપણા પૂર્વસૂરિઓએ જે હતું તે ન સ્વીકાર્યું અને એમાં ફેરફાર કર્યો અથવા કંઈક નવું કર્યું. એટલે જે છે તે સ્વીકારી લેવાની બાળકને ટેવ પડી જાય તો એ મનુષ્યના મૂળભુત ગુણસંપુટમાંથીય સહેજ હાંસિયામાં ધકેલાઈ જાય છે.

> **રંગબેરંગી ફૂલો પણ અંતઃકરણની ભાષા છે. એ પહોંચે છે આપણા સુધી ઇન્દ્રિયો દ્વારા. પરંતુ ફૂલો અને એની સુગંધ વાસ્તવમાં ઇન્દ્રિયાતીત છે, કારણ કે એ આપણને પરમ આનંદના એવા અનુભવો સુધી લઈ જાય છે**

વસંત ઋતુનો આહલાદક અનુભવ એટલે જ જરૂરી છે. દરેક વૃક્ષ ઘનઘોર તાજગીથી પોતાના અસ્તિત્વને સઘન બનાવે છે. વસંત દરેક વૃક્ષની હયાતીને સ્ટ્રોંગ બનાવે છે. પ્રકૃતિમાં એને પુનર્પ્રવેશ મળે છે. વૃક્ષ ફરી મુખ્ય ધારામાં આવે છે. સુગંધ, ફળફળાદિ અને લીલોતરીની અજાયબ લીલા આ મુખ્ય ધારામાં જ છે. જે પરિવાર બાળકોને વધુમાં વધુ સમય આપે છે તે આસાન રીતે અને નિરાયાસ જ મુખ્ય પ્રવાહમાં રહે છે જેમાં જિંદગીના સર્વ ફૂલગુલાબી અનુભવોના ભંડાર છે. વસંતઋતુથી આગળ નીકળી ગયેલા પોતાના માતાપિતાને બાળક પુનરપિ વસંતક્યારે સ્થાપે છે. છેક પાનખરની ધારને અડવા આવેલા દાદા-દાદીને બાળકો પૂર્ણ વસંતનો સાક્ષાત્કાર કરાવી બાગબાગ કરી દે છે. શિશુ સન્મુખ હોવું તે દેવોની સન્મુખ હોવાથી પણ કંઈક વિશેષ છે. વસંતમાં મોગરાની કળીએ અને આંબાની ડાળીએ જે મત્ત કરી દેનારી ઊઘડતી મહેક છે એ એના યથાતથ વિકલ્પે શિશુલોક અને સ્વર્ગલોક બે સિવાય તો બીજે ક્યાંય નથી. ■

# જાણે કાળા ભમ્મર વાદળો આડેથી એક ચાંદ બહાર આવ્યો




વાર્તા વિશ્વ

યોગેશ પંડ્યા

રવિવાર હતો પણ હું ક્રિકેટ રમવા ગયો ન હતો અને ઓફિસમાંય રજા હતી અને મને મજા પણ નહોતી. એટલે વરંડામાં ખુરશી નાખી ડિસેમ્બરના હુંફાળા તડકાની મજા માણી રહ્યો હતો કે કોલોનીનું નાકુ વળોટીને સામાન ભરીને એક ધીમે-ધીમે આવતો ટ્રક આ તરફ આવતો દેખાયો હું તાકી રહ્યો. બરાબ ત્યાં જ મમ્મી બહાર નીકળી. મેં પૂછયું : "મમ્મી, આપણી કોલોનીમાં વળી કોનો સામાન ?" મમ્મીએ હસીને કહ્યું : "તારા પપ્પા કાલે કહેતા હતા કે, સૌરાષ્ટ્રમાં કોઇ ગામડાના રેલવે સ્ટેશનમાંથી પ્રમોશન લઈને અહી શર્માજી કરીને કોઇ આવ્યું છે. એ હાજર તો થઇ ગયા હતા પણ આજે સામાન ભરીને આવવાના હતા, કદાચ એ જ હશે. આ સામે મધુકાન્તભાઇ વાળું કવાર્ટર મહિનાથી ખાલી જ પડયું છે ને ? ત્યાં જ આવતા હશે વળી..." પણ મમ્મી વાત પૂરી કરે એ પહેલા તો ટ્રક આવી પહોંચ્યો. હું તાકી રહ્યો.

ટ્રક ડ્રાઈવર ટ્રક વ્યવસ્થિત ઠેરાવી નીચે ઉતર્યો. કેબીનમાંથી જ પપ્પા જેટલી ઉંમરના એક અંકલ ઊતર્યા એ પછી એક આન્ટી કેબિનમાંથી બહાર આવતા દેખાયા. "હળવે ઉતરજે સુશી.." નીચે ઉતરી ગયેલા અંકલે કદાચ તેમની પત્નીને ઉદેશીને કહ્યું. "હા, ધીમે-ધીમે જ ઉતરીશ." શરીરે થોડાં સ્થુળકાય આન્ટી ઉતરવા માટે કોશિષ કરતા હતા પણ કારી ફાવતી નહોતી. મેં મમ્મી સામે જોયું. મમ્મી મારી આંખોની ભાષા સમજી ગઇ. હસીને બોલી : "અભિ એ લોકોને મદદ કરને.." મારે તો એટલું જ જોઈતું હતું. હું ત્યાં દોડી ગયો અને શર્માઅંકલની પરવા કર્યા વગર જ ત્યાં ઊભો રહી ગયો અને નીચે ઉતરવા માટે પ્રયત્ન કરતા આન્ટીને ઉદેશીને કહ્યું : "આન્ટી, હું અહીં જ ઊભો છું તમને પડવા નહી દઉં" ચલો, મેં તમારો હાથ પકડી લીધો છે. હવે આ સ્ટેન્ડને છોડીને આ હેન્ડલ પકડો, સરસઈઈઈ ચલો... ધીમેથી...આસ્તેથી...ગુડ ઓ..કે.." પણ આન્ટીને નીચે ઉતારતી વખતે મને એ ખ્યાલ નહોતો કે મારી નજર તો નીચે હતી અને કેબિનમાંથી જાણે કાળા ભમ્મર વાદળો આડેથી એક ચાંદ બહાર આવ્યો છે. હું તો સુશી આન્ટીને સુખરૂપ નીચે ઊતારી શક્યાનો પરિતોષ અનુભવી રહ્યો હતો કે, સુશીકાકીએ નીચે રહ્યે રહ્યે કેબિન તરફ જોઈને બૂમ પાડી : "જૂહી, ચલ, નીચે આવી જા..." અને પછી મારી પીઠ ઉપર હાથ પસવારતા કહે : "થેન્કયૂ બેટા..." પરંતુ મારો જીવ ત્યાં કયાં હતો ? હું તો પેલા કાળા ભમ્મર વાદળા આડેથી બહાર નીકળી આવેલા ચાંદને જ તાકી રહ્યો હતો. ચાંદ તો ચાંદ હતો ! મારૂં હૃદય ધબકારો ચૂકી ગયું. મેં તેમની સામે સ્મિત કર્યું. એ પણ મંદ મંદ હસી જાણે કે કોઇ કળી હળવેકથી ખૂલી ! " તમે પણ આવતા રહો. પડવા નહી દઉં" હું હસીને બોલ્યો પણ વારેવારે તેના ચહેરા ઉપર ધસી આવતી અલ્હડ લટો તેમને પજવતી હતી. એણે ટોકરી રણકતી હોય એવા સ્વરે મને કહ્યું : " હું તો આવતી રહીશ. એક મમ્મીની બીક હતી. " અને તે નીચે ઉતરી કે એક અજાણી મહેંક મારા શ્વાસમાં સમાઇ વળી. અમારૂં તારામૈત્રક રચાયું કે મમ્મી પાણીનો જગ ભરીને આવી. મા-દીકરીએ એક એક ગ્લાસ પાણી પીધું ત્યાં જ શર્માજી કવાર્ટરનું તાળુ ખોલીને પાછા આવ્યા, અને સુશી આન્ટીને ઉદ્દેશીને બોલ્યા : "સુશી, તું પહેલા કવાર્ટર જોઇ લે. ? એ પ્રમાણે સામાન ગોઠવવાનું શરૂ કરીએ." આમ તો બે-ત્રણ મજૂર ટ્રકની સાથે જ આવેલા. ટ્રક ડ્રાયવરે એ મજૂરોને શર્માજીની સૂચના મુજબ સામાન ગોઠવવાનું કહી દીધું સાથે હું પણ તેઓની સાથે સામાન ગોઠવવા લાગ્યો. "શર્માજી હવે ટ્રકના ડ્રાઈવર સાથે ભાડાની ચર્ચા કરતા હતા અને હું જૂહી સાથે વાતોનું અનુસંધાન સધાય એવી કોશિષ કરી રહ્યો હતો. સુશી આન્ટી પાસે રહેલા કાચનો અને ઈલેક્ટ્રીકસ ચીજવસ્તુ સંભાળી સંભાળી જૂહીના હાથમાં આપતો જતો હતો અને જૂહી સ્મિત કરતી. મમ્મી ચા પાણી બનાવીને લાવી. બે કલાકમાં સામાન ઉતરી ગયો. રેલવે કોલોનીના કવાર્ટર રળિયામણા અને મોટા હતા. ધીમે ધીમે બધુ સરસ ગોઠવાઇ ગયું. હું ઘેર જવા નીકળ્યો કે, વાડામાં તુલસીનો છોડ મૂકતી જૂહીએ મારી સામે એક મીટ માંડી "થેક્યુ..." કહ્યું "અભિનવ..." મેં રિપ્લાય આપ્યો અને તે ફૂલોથી લચેલી ડાળખી જેવું જાણે ઝૂમી ઉઠી.

----

સવાર સવારમાં આમ તો અમારો એક ક્રમ બની ગયો હતો. એ કોલેજ જતા પૂર્વે કપડા ધોઇને અગાસી ઉપર આવતી અને એ વખતે હું મારી અગાસી ઉપર પુલઅપ્સ કરતો હોઉં એ મારી સામે તાકી રહેતી. તેની નજર મારા શરીર ઉપર, સ્નાયુ ઉપર અને બાવડા ઉપર ટીકતી. પંજાબી ડ્રેસમાં તે માંસલ છતા ફીટ લાગતી. કપડા ધોઇને તે અગાસીએ ઊભી રહીને કપડા ઝાટકતી અને તે જલશિકરોથી ભીનો તો હું થઇ જતો !! મારી નજરમાં એક પ્યાસ બેઠી થઇ જતી એ નજરને તરત પકડી પાડતી અને શરમાઇ જતી. દસ મિનિટને બદલે તેનો કપડા સૂકવવાનો સમય તે અકારણ વધારતી તેનાથી મને એવું પ્રતીત થતું હતું કે એ મને લાઇક કરે છે ! પણ હું તો તેને પ્રેમ કરતો થઇ ગયો હતો એ તેને કયાં ખબર હતી ?

"અભિનવને આ કલાર્કની નોકરી નથી કરવી પણ એ આઇ.પી.એસ. બનવા માગે છે." એવું એક સાંજે તેને ત્યાં મમ્મી બેસવા ગઇ ત્યારે કહ્યું હતું. વાત સાંભળીને તેને કદાચ ખૂબ ગમ્યું હશે તેની તો મને ખબરેય નહોતી પણ બે દિવસ પછી મમ્મીએ મને કહ્યું કે, "શર્માજી ગેટ ટુ ગેધર - સ્નેહમિલન રાખવા માગે છે. તો તું એમની પાસે જજે. કોઇ કામકાજ હોય તો..." એ સાંજે જ હું એમના ઘેર ગયો તો જૂહી જ સામે મળી. મને તેના ઘરે આવેલો જોઇને તેના ચહેરા ઉપર ખુશી છલકાઇ. તેણી કોયલશી ટહુકી : "આવો..." મેં પૂછયું : " શર્મા અંકલ ઘરે છે ?"

"અંદર રૂમમાં બેઠા છે." તેણે ઈશારો કર્યો. હું અંદરના બીજા રૂમમાં ગયો તો શર્મા અંકલ કંઈક લખી રહ્યા હતા."નમસ્તે અંકલ." મેં તેમને પ્રણામ કર્યા. જૂહી બહાર જ ઊભી હતી. શર્મા અંકલે મને આવકાર્યો : "આવ..." પછી મૌન પથરાયું. મેં કહ્યું : "મમ્મીએ મોકલ્યો છે. તમે કોલોનીમાં સ્નેહમિલનનું આયોજન કરી રહ્યા છો તો મારી કોઇ જરૂર..." "અરે હા, તારી જેવડા બે-ત્રણ છોકરાઓ હોય તો..." "થઇ જશે અંકલ." મેં કહ્યું : "મને ખાલી આયોજન કહી દો, હું એરેન્જ કરી દઇશ." શર્મા અંકલની મુંઝવણ દૂર થઇ. મેં મારા મિત્રોને મળીને શાનદાર રીતે "સ્નેહિમલન" સંપન્ન કરાવી દીધું. તે દિવસે રાત્રે બધુ જ કામ પુરૂં કરાવીને કોલોનીના ઈવેન્ટ હોલમાંથી પાછો આવતો હતો કે જૂહીએ ધીમેકથી બૂમ પાડી : "અભિનવ." હું ઊભો રહ્યો. તે અડોઅડ આવી ઉભી રહી. જૂહીના ફૂલ જેવી સોડમ આજે ફરીવાર મારા શ્વાસમાં સમાઇ વળી. તેણે હાથ લંબાવ્યો. મારી હથેળી હાથમાં લઇ તેણે તેની હથેળીમાં મૂકી અને પછી આંખોમાં આંખ નાખી "થેન્કયુ... દોસ્ત.... હાર્ટલી થેન્કસ..." કહી હથેળી દાબીને ઊભી રહી. જાણે એક ક્ષણની કે પછી મારા રિપ્લાયની તે રાહ જોતી હશે. મારામાં એક ઉછાળ આવ્યો. મેં તેને સાહી લીધી. એણે કશો પ્રતિકાર ન કર્યો. મેં થોડી કસી. તો એ હસી : "બસ કરો એસ.પી. સાહેબ, હું તમારી પ્રેમિકા છું. ગુનેગાર નથી.!!" હું છક થઇ ગયો. પછી મેં ટીખળ કરતા કહ્યું : "ગુનો તો તારોય ખરો જ કે મને પ્રેમમાં પાડયો હવે એની સજા તો ભોગવવી પડશે !!" અને મેં તેને ચૂમી લીધી. પણ પ્રેમની સજા મોંઘી પડશે મને ખબર નહોતી. અઠવાડિયા પછી શર્માજીએ મને બોલાવ્યો. હું ઘેર ગયો ત્યારે સુશી આન્ટી અને જૂહી પણ હતા. શર્મા અંકલે કહ્યું : "અભિનવ, પરમ દિ' અમારા વતન રાજસ્થાનથી મહેમાનો આવે છે. ઘર સારૂં છે. જૂહીની સગાઇ છે. બધો જ કાર્યક્રમ તારે એરેન્જ કરવાનો છે. ઓ. કે. ?" મારા પગ તળેથી જમીન ખસી ગઇ. હવે શું કરવું ? અચાનક મારી અંદર જુનૂન પ્રગટયું : "અંકલ, મારે પણ તમને વાત કરવી છે કે હું જૂહીને પ્રેમ કરૂં છું અને તેની સાથે લગ્ન કરવા માગુ છું. " "વોટ નોનસેન્સ.... વોટ ડુ યુ સે ?!" તે ગુસ્સે થઇ ગયા. જવાબમાં મેં કહ્યું : "મેં મારા દિલની વાત જણાવી છે. કોઇ ગુનો નથી કર્યો. તમે વિચારજો. તેમ છતાં યોગ્ય ન લાગે તો હું એવું કોઇ કૃત્ય નહીં કરૂં કે જેનાથી જૂહીની જીંદગીને લાંછન લાગે. અત્યારે ભલે હું સામાન્ય કલાર્ક છું પણ ભવિષ્યમાં હું આઇ.પી.એસ. બનીને રહીશ અને ખાખી વર્દીમાં સજ્જ થઈને તમને બતાવીશ." એમ કરીને બહાર નીકળી ગયો. છતાં પણ મહેમાન અવવાના હતા તેને આગલે દિવસે તેમની પાસે જઇને મેં કહ્યું. "અંકલ, ચિંતા ન કરશો. બધુ થઇ પડશે...!!!" આજે તેઓ થોડા નરમ હતા. ખેર, સગાઇ વિધિ સંપન્ન થઇ. બીજે દિવસે મારા ઘરે હું એકલો જ છું એમ જાણીને જૂહી ચોરીછૂપીથી આવી અને મને ભેટીને ખૂબ રડી. પણ અમને ખબર નહોતી. અમારી બન્નેની મમ્મીઓ પાછળ આવીને ઊભી રહી ગઇ છે. અમે છુટા પડી ગયા. આ વાતને દસેક દિવસ થયા હશે ને રાજસ્થાનથી એક લેટર આવ્યો. તેમાં જૂહીને કરિયાવર આપવા માટેનું એક મોટુ બધુ લિસ્ટ હતું... (ક્રમશઃ) ■

# વિજયના બધા રિપોર્ટ નેગેટિવ આવ્યા છે




"પરણ્યાની પહેલી રાત કે જેને લોકો સુહાગરાત કહે છે. અમારી આવી સુહાગરાતે અથાક મહેનત કરવા છતાં પણ મારા રૂપાળા શરીર સાથે વિજય કશું જ કરી ન શક્યો. બસ, તેણે તો બહાર બહારની મજા કરી સંતોષ માની લીધો ને ઊંઘી ગયો. પરંતુ એ સમયે મારૂં શું થયું ? થોડી ક્ષણો મારી તરફડતી હાલત જોઈને તેની આંખમાંથી આંસુ પણ ખર્યા. એટલે જ તેને આશ્વાસન આપતાં મેં કહ્યું : થોડો સમય કદાચ નવું નવું હોવાથી આવું થાય. વિજય ખરેખર ખૂબ જ મુંઝાયો ને અકળાતો રહ્યો.

" લગ્ન પછી ચાર - પાંચ મહિના તો આમ આવી જ રીતે પસાર થયા. છેવટે અમારા એક સગા અમદાવાદમાં એમ. ડી. ગાયનેક છે તેને ત્યાં અમે ગયા. વિજયે તેમને બધી જ અંગત વાત કરી, એટલે તેમની સલાહ સૂચન પ્રમાણે તેમના દ્વારા વંધ્યત્વ નિવારણના સ્પેશિયાલીસ્ટ ડોકટરના ક્લિનિકમાં ગયાં. ત્યાં ખાસ કરીને વિજયના અનેક ટેસ્ટ કરવામાં આવ્યા. આ બધું જ ખાનગી રાહે થયું. ડોકટર ડોકટરને મળ્યા અંતે અમારા સગા ડોકટરની સલાહ પ્રમાણે વિજયને દવા આપવામાં આવી. જુદી જુદી દવા કેમ લેવાની એ બધુ ડોકટરે મને અને વિજયને પાસે બેસાડી સમજાવ્યું. પછી વિજય બાથરૂમ જવા માટે બહાર ગયો ત્યારે એ સમયનો લાભ લઈ ડોકટરે મને ઈશારો કરી ધીમેથી કહ્યું : ભાભી, આ બધી દવા વિજયને માત્ર આશ્વાસન આપવા પૂરતી છે. વિજયના બધા રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. તે કયારેય પિતા બની શકે તેમ નથી. અત્યારે તેની ગેરહાજરીમાં તમને આ વાત એટલા માટે કરી રહ્યો છું કે, કોઇનું ઘર ભાંગવું એ ડોકટરની ફરજ વિરૂધ્ધનું છે..

પરંતુ સત્ય હકીકત કહેવી એ ડોકરટની ફરજ છે માટે હવે તો તમારે જ એકલા હાથે જંગ જીતવાનો છે. કોઈપણ રીતે તમારે વિજયને જીવાડવાનો છે. એક પત્ની તરીકે તમારી આ ફરજ છે...

"આમ આટલી વાત થઇ ત્યાં તો વિજય આવ્યો. એટલે ડોકટરે વાત ફેરવી તોળતા કહ્યું કે, મેં દવા અંગેની બધી જ માહિતી જ્યોતિભાભીને આપી દીધી છે. હવે તમે બન્ને જવું હોય તો જઇ શકો છો. એટલે પછી અમે બન્ને ક્લિનિકમાંથી બહાર નીકળ્યાં.


ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

એ સમયે મારી જે હાલત થઇ હતી તેનું વર્ણન તો હું કરી જ નહીં શકું, દામલ ! હું તો સાવ પડી ભાંગી હતી. જીવન જીવવા પ્રત્યે મને નફરત થવા લાગી. ખૂબ ખૂબ મૂંઝાણી. મારી આંખોમાંથી ઉંના ઉંના આંસુ પણ બહાર નીકળ્યાં હતા..." આટલું બોલતાંની સાથે જ્યોતિની આંખો અત્યારે પણ ભીની ભીની થઇ ગઇ. આંગળી વતી આંખની કિનાર સાફ કરતાં થોડી સ્વસ્થ થતાં વળી જયોતિએ બોલવું ચાલું કર્યું.

"દામલ, હું તને એક વાત કહું છું. લગ્ન પહેલા એટલે કે અમારી સગાઇ થઇ પછી વિજય મને મળવા આવ્યો ત્યારે અમારી વચ્ચે રોમાન્સ ભરી ખૂબ ખૂબ વાતો થઇ અરે.., નાજુક અને કોમળ અંગોને સ્પર્શવાના અનેક અનુભવો અનુભવ્યા. છેલ્લે મારા ગાલ મીઠું મધુરૂં ચુંબન કર્યા પછી વિજય ભાવ સાથે બોલ્યો હતો : "આપણાં લગ્ન પછી તરત જ તારે મને મુન્નો આપવો જ પડશે, ઝડપથી બોલ... આપીશને તું... ? તેના આવા શબ્દો સાંભળી હું તો ખૂબ જ શરમાઇ ગઇ હતી. છતાં પણ મેં તેને કહ્યું : "હું મુન્નો આપવા તૈયાર રહીશ, પરંતુ આ બાબતે તો જેવી તારી ઉતાવળ હોય તેમ થશે. પરંતુ તેની ઉતાવળ આમાં કંઇ કામ ન લાગી... અરે..! સુહાગરાતે બધી જ મજા બહાર બહાર થતી રહી. ને એમ જ સવાર પડી ગઇ. એ દિવસથી...હું અહીં કમળાપુરમાં આવી ત્યાં સુધી હંમેશાં તડપતી, તરફડતીને તલસતી રહી. શરીર સુખ મેળવવા માટે રડતાં રડતાં હું વલખાં મારતી રહી, પરંતુ શું કરૂં ?

"હા, વિજય તો મને પ્રથમથી જ ચહતો, ભરપૂર પ્રેમ કરતો અને હજી પણ મને એટલો જ પ્રેમ કરે છે. હુ પણ તેને પ્રેમ કરૂં છું. કારણ કે વિજય મારો કંથ છે. જેની સાથે ચોરીમાં મેં ચાર ફેરા ફર્યા છે, તેને દગો તો ન જ અપાય. મેં તેને દગો નથી આપ્યો. હજી પણ હું વિજયને એટલો જ પ્રેમ કરૂ છું. વિજય પણ મને દિલથી ચાહે છે. જિંદગીભર હું તેને છોડી શકુ તેમ નથી. પરંતુ તેની પુત્રેચ્છા પ્રથમથી જ બળવત્તર હતી અને છે. તેની આવી પુત્રેષ્ણા પૂરી કેમ કરવી...?

"હું પણ સાવ પડી ભાંગી અને લાચાર થઇ ગઇ. જિંદગી કેમ જીવવી તેની ચિંતા મને ખૂબ ખૂબ થવા લાગી. છતાં નવું નવું હોય એટલે કદાચ આવું થતું હશે એમ મનને મનાવી લઇ હું વિજયને આશ્વાસન આપતી રહી. હિંમત ન હાર એવું દરરોજ રાતે હું તેને કહેતી. ને શરીર પર એકપણ વસ્ત્ર પહેર્યા વગર અને બન્ને રોજ રોજ રાતના તમામ પ્રકારના સાવ ખુલ્લા ખુલ્લા ખેલ ખેલતાં રહ્યાં. આવું બધુ કરવા છતાં પણ અંતે તો ફરી એ જ ટાઢાં ઠીકરાં જેવી જ શિથીલ સ્થિતિ...! આવી પરિસ્થિતિ સર્જાતા હવે તો વિજય રીતસર સાચુકલા રડવા જ લાગતો. એનું રૂદન જોઇ હું પણ રડી લેતી. ત્યારની મારી સ્થિતિ કેવી હતી... ? સાચે જ હું આગમાં સળગતી હતી. મારી સૂકી પ્યાસ, કોરી કોરી પ્યાસ અંદર અંદરથી ખૂબ જ વધતી રહી. આવી એ પ્યાસ રોજ રોજ અધુરી જ રહેતી હતી, હું શું કરૂં ? " આટલું કહી જ્યોતિ થોડીવાર માટે બોલતી બંધ થઇ. તેની નજર છત પર ફરી રહેલા પંખા પર સ્થિર થઇ. કયાંય સુધી તે એકીટશે ફરતા પંખાને જોઇ રહી. અંતે એક નિશ્વાસ નાખી ફરી બોલી :

(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઇન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# અમે અમારી જમીનનો ઉપયોગ ભારતના સુરક્ષા હિતો વિરુદ્ધ થવા દઈશું નહીં : શ્રીલંકા

કોલંબો,તા.૦૫

શ્રીલંકાના રાષ્ટ્રપતિ દિસાનાયકે ચીનનું નામ લીધા વિના તેને કડક સંદેશ આપ્યો છે. પીએમ મોદીની હાજરીમાં, તેમણે ભારતને ખાતરી આપી કે શ્રીલંકા તેના પ્રદેશનો ઉપયોગ ભારતના સુરક્ષા હિતો વિરુદ્ધ પગલાં લેવા માટે થવા દેશે નહીં. આ દરમિયાન, પ્રધાનમંત્રી મોદી અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ દિસાનાયકે વર્ચ્યુઅલી સંપુર સોલાર પાવર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સાથે, ભારત અને શ્રીલંકાએ સંરક્ષણ સહયોગ કરાર પર મોટો સોદો કર્યો છે. વ્યૂહાત્મક રીતે, આ કરાર ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. બંને દેશો શ્રીલંકાને બહુ-ક્ષેત્રીય ગ્રાન્ટ સહાય પર પણ સંમત થયા. આ ઉપરાંત, ભારત અને શ્રીલંકાએ ત્રિંકોમાલીને



ઉર્જા કેન્દ્ર તરીકે વિકસાવવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા. તમને જણાવી દઈએ કે પીએમ મોદી શુક્રવારે બિમ્સટેક સમિટમાં ભાગ લીધા બાદ કોલંબો પહોંચ્યા હતા. દિસાનાયકે સાથેની વાતચીત પહેલાં, શ્રીલંકાની રાજધાનીના મધ્યમાં આવેલા ઐતિહાસિક સ્વતંત્રતા ચોકમાં મોદીનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કદાચ પહેલી વાર છે જ્યારે કોઈ બીજા દેશના નેતાને આ રીતે સન્માનિત કરવામાં આવ્યા હોય. દિસાનાયકેએ 'સ્ક્વેર' ખાતે પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યું હતું.

# હેમચંદ્રાચાર્ય યુનિ. માં પેપર ફૂટવાનો યુવરાજસિંહ જાડેજાએ કર્યો આક્ષેપ

અમદાવાદ,તા.૦૫

છેલ્લા કેટલાક સમયથી વિવિધ પરીક્ષાઓના પેપર ફૂટવાની ઘટનાઓ સતત બની રહી છે. ત્યારે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ ફરી એકવખત પેપર ફૂટવા મામલે મોટા ખુલાસા કરીને ખળભળાટ મચાવ્યો છે. ફેબ્રુઆરીમાં,એનએસયુઆઈએ આરોપ લગાવ્યો હતો કે ગુજરાત યુનિવર્સિટીમાં બી.કોમ (અંગ્રેજી માધ્યમ) સેમેસ્ટર-૧ ના અંગ્રેજી માધ્યમના એકાઉન્ટન્સી પેપર લીક થયા છે. હવે યુવરાજ સિંહ જાડેજાએ આરોપ લગાવ્યો છે કે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (ઉત્તર ગુજરાત યુનિવર્સિટી) હેઠળની એક સંસ્થામાં, સંસ્થાના સંચાલકો અને સંચાલકો સાહિત્યનું વિતરણ કરી રહ્યા છે અને ગેરરીતિઓ કરી રહ્યા છે. યુવરાજસિંહ જાડેજાએ આક્ષેપ કર્યો



છે કે આ શૈક્ષણિક કેમ્પસ વ્યવસાયનું કેન્દ્ર બની ગયું છે. HNGU યુનિવર્સિટી હેઠળની એક સંસ્થાના પેપર્સમાં ગેરરીતિ, ચોરી અને નકલનો ખુલાસો થયો છે. મારી પાસે ૨૪ વીડિયો છે જેમાં ઉમેદવારોને ત્યાંના સંસ્થાના સંચાલકો અને સંચાલકો દ્વારા સાહિત્ય આપવામાં આવે છે. સંચાલકોએ વોટ્સએપ ચેટ દ્વારા પ્રશ્નોની માહિતી આપી હતી, જે પહેલાથી જ વોટ્સએપ પર ટાઈમ ટેબલ પ્રમાણે અગાઉ જ વોટ્સએપમાં પેપર આપી દેવામાં આવ્યું હતું.

# ગુજરાતમાં આગામી ૫ દિવસ અગનગોળા વરસશે, કચ્છમાં ગરમીનું ઓરેન્જ એલર્ટ

અમદાવાદ,તા.૦૫

રાજ્યમાં તીવ્ર ગરમીની ઋતુ શરૂ થઈ છે, રાજ્યમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર કરી ગયો છે, આ ઉપરાંત, સમગ્ર ગુજરાતમાં ગરમીનું મોજું આવવાની પણ આગાહી કરવામાં આવી છે. જોકે, છેલ્લા કેટલાક દિવસોથી મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ અને વાવાઝોડાની આગાહી કરવામાં આવી હતી. જેના કારણે આ વિસ્તારોમાં ગરમીથી થોડી રાહત મળી હતી. જોકે, હવે આવનારા દિવસોમાં લોકોએ તીવ્ર ગરમી માટે તૈયાર રહેવું પડશે. આગાહી મુજબ, ૬ એપ્રિલથી ૯ એપ્રિલ સુધી અગનગોળા વરસશે. આગામી ૨ દિવસ કચ્છમાં ગરમીનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. ૬ એપ્રિલે કચ્છ અને રાજકોટમાં પણ ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા, પાટણ, મોરબી, જૂનાગઢ, રાજકોટ જિલ્લામાં પણ ગરમીનું યલો એલર્ટ અપાયું છે. કચ્છમાં મહત્તમ તાપમાન ૪૦થી ૪૨ ડિગ્રી રહેવાની સંભાવના છે.

# વડતાલ ટેમ્પલ બોર્ડની ચૂંટણીમાં સમગ્ર બોર્ડ બિનહરીફ જાહેર થતાં હરિભક્તોમાં આનંદ

ખેડા,તા.૦૫

વડતાલ ટેમ્પલ બોર્ડના નવા ચેરમેનની નિમણૂક કરવાની તૈયારી ચાલી રહી છે. જેમાં ડો.સંતવલ્લભ સ્વામી ટેમ્પલ બોર્ડના નવા ચેરમેન બનશે. આગામી ૧૩ એપ્રિલ બાદ ડો.સંત વલ્લભ સ્વામી ચેરમેનનો ચાર્જ વિધિવત રીતે સંભાળશે. સંત સ્વામી અગાઉ મુખ્ય કોઠારીની ભૂમિકા નિભાવી ચુક્યા છે. નવા બનનારા ચેરમેન ડો.સંતવલ્લભ સ્વામી કંડારીના સાધુ છે. ખેડા જિલ્લાના નડિયાદમાં આવેલાં સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વોચ્ચ તીર્થધામ વડતાલ મંદિર બોર્ડની યોજાનારી ચૂંટણીમાં કુલ ૭ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે, ત્યારે ૫૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર સમગ્ર બોર્ડ બિનહરીફ થયા છે. વડતાલ મંદિર બોર્ડની ચૂંટણીમાં સાતેય સભ્યો બિનહરીફ જાહેર



થતાં હરિભક્તોમાં આનંદની લાગણી છવાઈ છે. નડિયાદના સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વોચ્ચ તીર્થધામ વડતાલ મંદિર બોર્ડની યોજાનારી ચૂંટણીમાં સંત વિભાગ, પાર્ષદ વિભાગ, બ્રહ્મચારી વિભાગ તથા ગૃહસ્થ વિભાગની મળી કુલ ૭ બેઠકો બિનહરીફ જાહેર થતાં હરિભક્તોમાં આનંદ છવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડતાલ મંદિર બોર્ડની ઈ.સ.૧૯૭૫થી સ્કિમનો અમલ શરૂ કરાયો છે, ત્યારે ૫૦ વર્ષના ઈતિહાસમાં આ વખતે સમગ્ર બોર્ડ બિનહરીફ જાહેર થયા છે.

# આજે અયોધ્યામાં ભગવાન શ્રી રામનાં જન્મ મહોત્સવને લઈને ઉત્સાહનો માહોલ

અયોધ્યા,તા.૦૫

ભગવાન રામના જન્મસ્થળ અયોધ્યામાં રામનવમીની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. અયોધ્યા સંપૂર્ણપણે શણગારેલું છે અને ભગવાન શ્રી રામની જન્મજયંતી માટે તૈયાર છે. રામનવમી નિમિત્તે આજે ભવ્યતા સાથે અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. અયોધ્યામાં ૨૫ થી ૩૦ લાખ શ્રદ્ધાળુઓના આગમનની શક્યતા છે, જેના માટે વહીવટીતંત્ર કડક સુરક્ષા વ્યવસ્થા કરી રહ્યું છે. રામ મંદિર સંકુલમાં ૪ એપ્રિલથી ભગવાન રામના જન્મ સાથે સંબંધિત ધાર્મિક વિધિઓની શ્રેણી શરૂ થઈ ગઈ છે. અયોધ્યાના તમામ મઠ મંદિરોને પણ શણગારવામાં આવ્યા છે. આજે દેશ અને દુનિયાભરના ભક્તો અયોધ્યામાં હશે અને ભગવાન શ્રી રામની જન્મજયંતીમાં ભાગ લેશે. મહાકુંભ દરમિયાન, દરરોજ ૫ લાખથી વધુ ભક્તો અયોધ્યા આવતા હતા. અને ૪૫ દિવસમાં, લગભગ ૧.૭૫ કરોડ ભક્તોએ રામલલ્લાના દર્શન કર્યા હતા.

# કોડીનારમાં રામનવમી નિમિત્તે નોનવેજની દુકાનો અને કતલખાના બંધ રાખવાની માંગ

કોડીનાર,તા.૦૫

કોડીનારમાં તા. ૦૬-૦૪-૨૦૨૫ ના રોજ રામનવમીનો તહેવાર હોય, શહેરના રામભક્તો અને હિન્દુ સમુદાય દ્વારા તમામ નોનવેજની દુકાનો, લારીઓ તેમજ કતલખાનાઓ બંધ રાખવાની માંગ કરવામાં આવી હતી.

રામનવમીના દિવસે કોડીનાર શહેરમાં ધામધૂમથી રામજન્મોત્સવ ઉજવવામાં આવે છે. આ દિવસે રામભક્તો તેમજ તમામ હિન્દુઓ, ભગવાન શ્રી રામની પૂજા-અર્ચના કરી ઉજવણી કરે છે. આ દિવસને હિન્દુ ધર્મના સૌથી મોટા તહેવાર તરીકે ઉજવવામાં આવે છે.



તસ્વીર : ધર્મેશ પાઠક

તા. ૦૬-૦૪-૨૦૨૫ ના રોજ રવિવારે રામનવમી નિમિત્તે શહેરના તમામ મંદિરો અને રામ મંદિરોમાં નાગરિકો પૂજા-અર્ચના કરશે. આથી, રામભક્તોની લાગણીને માન આપીને શહેરને શુદ્ધ રાખવા માટે કોડીનાર શહેરની તમામ નોનવેજની દુકાનો, લારીઓ તેમજ કતલખાનાઓ બંધ રાખવા માટે જરૂરી હુકમો કરવા માંગણી કરવામાં આવી હતી.

# ગીર સોમનાથમાં ગેરકાયદે મકાનોનું ડિમોલિશન, કોંગ્રેસના ધારાસભ્ય સહિત ૧૫ની અટકાયત

ગીર સોમનાથ,તા.૦૫

ગીર સોમનાથના ગુડલક સર્કલ સામે આવેલી સરકારી જમીન સર્વે નંબર ૮૩૧ પર ગેરકાયદે બાંધકામો દૂર કરવાની કામગીરી દરમિયાન વિરોધ પ્રદર્શન થતા પોલીસે કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા સહિત ૧૫ લોકોની અટકાયત કરી હતી. પ્રાંત અધિકારી વિનોદ જોશી, મામલતદાર અને



તસ્વીર : કૈલાશ ભટ્ટ

નગરપાલિકાના ચીફ ઓફિસરની આગેવાનીમાં પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલિશનની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ જમીન પર ૬૦-૭૦થી વધુ રહેણાંક મકાનોનું દબાણ હતું, જેને દૂર કરવા માટે તંત્ર દ્વારા અનેક નોટિસ આપવામાં આવી હતી. પરંતુ દબાણકારોએ મકાનો ખાલી ન કરતા આખરે ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દબાણકારોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને મહિલાઓએ રસ્તા પર સૂઈને કામગીરીમાં અવરોધ ઊભો કર્યો હતો. કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા.

# ઉના-ગીરગઢડામાં ગેરકાયદે ફટાકડા વેચનાર સામે પોલીસની કાર્યવાહી

ગીર સોમનાથ,તા.૦૫

ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટમાં ૨૧ લોકોના મોતની ઘટનાના ઘેરા પડઘા પૂરા રાજ્યમાં પડ્યા હોવાથી તંત્ર દ્વારા ગેરકાયદે ફટાકડાનું વેચાણ કરતા લોકો પર કડક કાર્યવાહી થઇ રહી છે. ગીર સોમનાથ જિલ્લામાં એલ.સી.બી. પીઆઈ એ.બી. જાડેજા સહિતના સ્ટાફે ઉના, ગીરગઢડા, વેરાવળ તેમજ ઉના



તસ્વીર : કૈલાશ ભટ્ટ

તાલુકાના ગરાળમાં ફટાકડાનું ગેરકાયદે વેચાણ કરતા અને રહેણાંક વિસ્તારમાં ફટાકડાનો સંગ્રહ કરતા ૫ લોકોની તપાસ કરી હતી. આ તપાસમાં પોલીસે લાખો રૂપિયાના ફટાકડા સાથે ૫ શખ્સો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પાક ધિરાણ લોનની મર્યાદામાં ૫ લાખ સુધીના વધારાનો પરીપત્ર કરવા વિપુલ દુધાતની રજૂઆત

લીલીયા, તા.૦૫

કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને ૩ લાખ સુધીની મર્યાદામાં ૦ ટકા વ્યાજે પાક ધિરાણ આપવામાં આવે છે અને હાલમાં કેન્દ્ર સરકારનાં બજેટમાં ૫ લાખ સુધીનો વધારો કરવામાં આવેલ છે. પરંતુ આ અંગેનો પરીપત્ર કરવામાં આવેલ નથી. હાલમાં જે ખેડૂતોને બેંક કે સહકારી મંડળીઓ દ્વારા પાક ધિરાણ આપતી વખતે ફક્ત ૩ લાખ સુધીનું જ ધિરાણ મળે છે. ખેડૂતોનાં હિતમાં આ




અંગે તાત્કાલિક પરીપત્ર કરવા શિક્ષણ સમિતિનાં પૂર્વ ચેરમેન વિપુલભાઈ દુધાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે.

# અમરેલી એસ.ટી. ડેપોનાં પ્લેટફોર્મ બદલતા વિવાદ : આંદોલનની ચીમકી

અમરેલી, તા.૦૫

અમરેલી એસ.ટી. ડેપોમાં કોઈપણ પ્રકારની મંજૂરી વગર પ્લેટફોર્મનાં બોર્ડ ફેરવી નાખવામાં આવતા મુસાફરો હેરાન પરેશાન થયા છે અને જે જગ્યાએ બોર્ડ હતા તે જગ્યાએ તાત્કાલિક એજન્સી દ્વારા બોર્ડ લગાવવામાં નહી આવે તો આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

સામાજીક અગ્રણી



નરેશભાઈ વાળાએ ચીમકી આપતા જણાવ્યું છે કે આજે સાંજ સુધીમાં જો બોર્ડ યોગ્ય જગ્યાએ લગાવવામાં નહી આવે તો આવતી કાલે કલેકટર કચેરીએ જઈ અને અન્નજળ ત્યાગ કરી આંદોલન કરવામાં આવશે. તેમજ જે મુસાફરોએ રીઝર્વેશન કર્યું હોય તે માટે વેઈટીંગ રૂમનાં તાળા પણ તાત્કાલિક ખોલવામાં આવે. વધુમાં તેઓએ જણાવ્યું કે, અમરેલી એસ.ટી. નિયામક દ્વારા એજન્સીને નોટિસ આપી હોવા છતાં તેનું પાલન કરવામાં આવેલ નથી.

# ગોંડલમાં હિન્દુઓના તહેવાર નિમિત્તે કતલખાના-નોનવેજની લારીઓ બંધ રાખવા સત્તાધીશોને આવેદન પત્ર અપાયું

ગોંડલ, તા.૦૫

ગોંડલ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા રવિવારે રામનવમી, ગુરુવારે મહાવીર જયંતી અને શનિવારે હનુમાન જયંતી નિમિત્તે શહેરમાં કતલખાના, જીવ હિંસાના કારોબારમાં વેચાતાં નોનવેજના હાટડા બંધ રાખવા ગોંડલ પ્રાંત અધિકારી, મામલતદાર તેમજ નગરપાલિકા પ્રમુખને આવેદન પત્ર પાઠવવામાં



આવ્યું હતું. સમગ્ર હિન્દુ સમાજના આરાધ્ય દેવ ભગવાન શ્રી રામનો જન્મોત્સવ તથા મહાવીર જયતી તેમજ હનુમાન જયંતી ભવ્ય રીતે ઉજવાતી હોય છે. ભારતીય સંસ્કૃતિને લાંછનરૂપ તથા સમગ્ર હિન્દુ પ્રજાની લાગણીને ઠેસ પહોંચતા નોનવેજની લારી, કતલખાના, અનેક અબોલ જીવની હિંસાથી, ચિત્કારથી તથા લોહીથી ભારત ભૂમિ ખરડાઈ રહી છે ત્યારે એક દિવસ આવા કારોબાર બંધ રખાવવા વહેલી તકે જાહેરનામું બહાર પાડી કડક અમલવારી કરાવવા નગરપાલિકાના સત્તાધીશો, પોલીસને ફરજ પાડવા યોગ્ય તાકીદે હુકમ કરવા હિન્દુ સમાજની લાગણી સાથે માંગણી છે.

# અમરેલી જિલ્લા ભાજપ સંગઠનનાં બાકી પ્રમુખોની યાદી જાહેર

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લા ભાજપનાં સંગઠનમાં બાકી રહેલા મંડલ પ્રમુખની યાદી જાહેર થઈ છે. જેમાં અમરેલી શહેર પ્રમુખ તરીકે વિજયભાઈ ચોટલીયા, અમરેલી તાલુકા પ્રમુખ તરીકે ચેતનભાઈ ધાનાણી, બાબરા શહેર પ્રમુખ તરીકે કિરીટભાઈ પરવાડીયા અને સાવરકુંડલા તાલુકા પ્રમુખ તરીકે રજનીભાઈ ડોબરીયાની નિમણૂક પ્રદેશ ભાજપ દ્વારા કરવામાં આવી છે.



**નવનિયુક્ત જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીનું સંજોગ પરિવારે કર્યું સન્માન**

# અમરેલી જિલ્લાનાં રેલવેનાં પડતર પ્રશ્નોની સાંસદ ભરત સુતરીયા દ્વારા સંસદમાં ધારદાર રજૂઆત





અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લાનાં બ્રોડગેજ રેલવે લાઈન, રેલ્વે ફાટકનું સમારકામ, અંડર-વે સહિતનાં પડતર પ્રશ્નોની ભરતભાઈ સુતરીયા દ્વારા સંસદમાં ધારદાર રજૂઆત કરવામાં આવી હતી. સંજોગ ન્યૂઝ સાથેની મુલાકાતમાં સાંસદ સુતરીયાએ જણાવેલ હતું કે, અમરેલી જૂનાગઢ બ્રોડગેજ ટેન્ડરની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ થશે. ઉપરાંત જિલ્લાનાં તમામ રેલવે ફાટકનાં સમારકામની કામગીરી પણ ટૂંક સમયમાં પૂરી થશે. મહુવા ખાતે લોકોને ઓવરબ્રિજનાં કારણે ૫ કિ.મી. જેટલું અંતર કાપવુ પડતું હતું તેના માટે અંડરબ્રિજનો સર્વે પણ થઈ ચૂક્યો છે. ઉપરાંત લીલીયા તાલુકાનાં હાથીગઢ ગામે જવા માટે રેલવે ફાટક બંધ કરવાના રેલવે વિભાગનાં નિર્ણયને ફેરવવા માટે રેલવેનાં જી.એમ.ને રજૂઆત કરાઈ છે. ઉપરાંત જૂનાગઢ-વેરાવળ વાયા જેતલસર થઈ સુરત અને મુંબઈ સુધી વંદે ભારત ટ્રેન શરૂ કરવા માટે જૂનાગઢનાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા અને ભરતભાઈ સુતરીયાએ રેલવે મંત્રીને રજૂઆત કરી છે. જેમાં તાલુકાદીઠ એક સ્ટોપ આપવાની પણ માંગ કરાઈ છે. ઉપરાંત જિલ્લા ભાજપનાં નવનિયુક્ત પ્રમુખ અતુલભાઈ કાનાણીનું સંસ્થાનાં મોભી વસંતભાઈ મોવલીયા અને સુરેશભાઈ દેસાઈ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ નવનિયુક્ત સાવરકુંડલા તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયાનું પણ સન્માન કરાયું હતું.

**જૂનાગઢ-વેરાવળ વાયા જેતલસર થઈ સુરત અને મુંબઈ સુધી વંદે ભારત ટ્રેન શરૂ કરવા રજૂઆત કરાઈ**











